
# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



શ્રી મહાવીર જિનપ્રાસાદ-દાદાસાહેબનું ભવ્ય જિનાલય-ભાવનગર

( બ્લોક : "શ્રી જૈન ધર્મ પ્રસારક સભા"ના સૌજન્યથી )

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

પુસ્તક ૫૨

અંક ૬મો

ચૈત્ર

સં૦ ૨૦૧૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ-નુ-ક્ર-મ-ણિ-કા


૧ સિદ્ધાર્થનંદ કહોને ! ... ... ...( સ્વ. ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) ૧૨૭
૨ શ્રી મહાવીર જન્મ કલ્યાણક દિન ... ... ... ( શ્રીયુત ન. અ. કપાસી ) ૧૨૮
૩ તીર્થંકર મહાવીર-એક અંજલી ... ( પ્રો. જયંતીલાલ ભાઇશંકર દવે એમ. એ. ) ૧૩૨
૪ ભગવાન મહાવીરના સમકાલીન કેટલાક રાજાઓ ( પ્રાધ્યા. ખી. ચાં. શાહ એમ. એ. ) ૧૩૪
૫ ભગવાન મહાવીરનો જીવનસંદેશ ... ... ... ( પ્રો. રવિશંકર મ. જોશી ) ૧૩૬
૬ ભગવાન મહાવીર અને તેમનો સંદેશ ... ... ... ( શ્રી મહાવીરપ્રસાદ પ્રેમી ) ૧૪૨
૭ શ્રી નવપદજીનાં પ્રાચીન ચૈત્યવંદનો-સાર્થ ... ( પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) ૧૪૬
૮ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... ... ૧૪૭


---


## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય ભાગ. )

### કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ, અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યકત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ક્રાઉન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. **આસો વદી ૦)) સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.** કિંમત સુમારે રૂા. નવ થશે,

---

**ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.**

## ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસા ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિં. રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય-અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું. માત્ર પચીશ કોપી સિલિકે રહી છે.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૧. વિક્રમ સં. ૨૦૧૧. ચૈત્ર—એપ્રીલ. પુસ્તક ૫૨ મું. અંક ૯ મો.

# સિદ્ધાર્થનંદ કહોને !

સિદ્ધાર્થનંદ કહોને, અમીદૃષ્ટિ કયારે કરશો ?
ડગમગતા ધર્મસ્થંભો, સ્થિર નાથ કયારે કરશો ?
સિદ્ધાર્થનંદ૦ ૧

ખીલેલી ફૂલવાડી, માળી મળ્યા અનાડી;
વેરાન કરી છે વાડી, નવપલ્લવ કયારે કરશો ?
સિદ્ધાર્થનંદ૦ ૨

મમત્વ વાયુ વાયા, ઝેરી કષાય છવાયા;
સંયમ કા લક્ષ ભૂલાયા, એકતાન કયારે કરશો ?
સિદ્ધાર્થનંદ૦ ૩

કલિકાલ આજ રૂઠ્યો, સ્યાદ્વાદ ધર્મ વછૂટ્યો;
નિજ આત્મ દર્શ ત્રૂટ્યો, અબ પાર કયારે કરશો ?
સિદ્ધાર્થનંદ૦ ૪

વિષયભરી શું ચંડ દૃષ્ટિ, શી ઝમાવી જૈન સૃષ્ટિ ?
અમીભરી "વૈરાટી" દૃષ્ટિ, ભગવાન કયારે કરશો ?
સિદ્ધાર્થનંદ૦ ૫

(સ્વ૦) ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જન્મ કલ્યાણક દિન

શ્રીયુત ન. અ. કપાસી

રાત્રિ અર્ધી વીતી ગઈ હતી. રજનીપતિ અવની-ને અજવાળી રહ્યો હતો. એને ભેટવા ઉત્સુક બનેલી કુમુદિની સરિતાના નિર્મળ જળમાં પ્રતિબિંબિત થયેલા ચંદ્રને જોઇને કયા ચંદ્રને ભેટવું એ વિમાસણમાં લતા ઉપર જ સ્થિર થઈ ગઇ હતી. વાયુની મંદ મંદ લહરીઓ આહ્લાદ આપી રહી હતી. ક્ષત્રિયકુંડની શેરીઓમાં નીરવતા વ્યાપી હતી.

એ સુરમ્ય અવસરે ક્ષત્રિયકુંડના રાજમહેલમાં આનંદના સૂર ગૂંજી ઊઠ્યા. પિતા સિદ્ધાર્થને આંગણે અને માતા ત્રિશલાની કૂક્ષીએ દેવાધિદેવ વીરપ્રભુ અવતર્યા. તે ક્ષણે વિશ્વના સમગ્ર જીવોએ અદ્ભુત અને અપૂર્વ આહ્લાદ અનુભવ્યો. ઇન્દ્રના આસનો ડોલાયા. દિક્કુમારીઓ સજાગ બની. વીરજન્મના આનંદ આગળ દિવ્યસુખો દેવોને તુચ્છ ભાસવા લાગ્યા. આત્મિક આનંદનો સ્વાદ અનુભવવા ઉત્સુક બનેલું દેવજગત વીરજન્મની ઉજવણીમાં પ્રવૃત્તિમય બની ગયું. માનવજગતની તો વાત જ શી કરવી? ત્રિલોકનાથ પૃથ્વી ઉપર પધારે અને માનવહૈયાં પુલકિત બન્યા વિના કેમ રહી શકે? આખા યે વિશ્વને આનંદથી ભરી દેવાની જેમની ભાવના એટલી તો તીવ્ર હતી કે અઢી હજાર વર્ષોનાં વહાણાં વાયા પછી પણ આજના દિવસે એ શુભ ભાવનાને બળે આપણાં હૈયામાં કોઇ અનેરો અને અનુપમ આનંદ પ્રગટી જાય છે તો એમના જન્મસમયે સર્વત્ર આનંદ-મંગળ હોય એમાં પૂછવું જ શું?

પરમપિતાના જન્મદિવસે આજે આપણે સૌ તેમને સ્મરીએ. દિલને નિર્મળ અને વિશુદ્ધ આનંદથી ભરી દઇએ. આંતરિક કલહ, વિષમ વાતાવરણ અને અનિચ્છનીય ઘર્ષણોથી આજે આપણે વેગળા રહીએ. સૌ એક મળીને આપણા પરમપિતાનું જન્મ-કલ્યાણક નિર્ભેળ આનંદથી ઊજવીએ. શું શ્વેતાંબર કે શું દિગંબર, શું સ્થાનકવાસી કે શું મંદિરમાર્ગી, સૌ કોઇ આપણે એક જ પિતાના બાળકો છીએ એવું આજે એક દિવસ તો આપણે જરૂર સમજીએ. આજના દિવસની ઊજવણી સૌ સાથે મળીને પરમપિતાના ઉપકારને યાદ કરવામાં, પરમપિતાની ગુણસ્તુતિ કરવામાં અને એમણે ચીંધેલા માર્ગે પગલીઓ માંડવામાં કરીએ.

આજનો દિવસ અનોખો છે. વીરવિભુના ગુણગાન ગાઇને ધન્ય બનવાનો આજનો દિવસ છે. વીરપુત્રોની સુંદર ભક્તિ કરીને કૃતકૃત્ય થવાનો આજનો દિવસ છે. આત્મામાં વીરવિભુનું દર્શન કરીને આત્માને ઊજળો બનાવવાનો આજનો દિવસ છે. એમને આદર્શ રાખીને જીવનપંથે સંચરવાનો આજનો દિવસ છે. આજે સંસારને ભૂલી જવાનો છે. આજે પરરમણતા છાંડવાની છે. આજે વીરની વીરતા જીવનમાં ઉતારવાની છે. અન્ય દિવસોમાં ભલે રાગે ભીંજવ્યા અને દ્વેષે દઝાડ્યા; ભલે મોહે મૂંઝવ્યા અને વાસનાએ પટક્યા; ભલે અશાંતિની આગમાં બળ્યા અને વેદનાની વેદી ઉપર ચગદાયા; પરંતુ આજે તો એ બધું યે ભૂલીને આત્મિક વીરતા પ્રગટાવવા મથીશું તો આજનો દિવસ આપણા માટે સાર્થક થશે. આજના પનોતા દિવસે વીરની વાણીને જીવનમાં ઉતારીએ. એમણે પ્રરૂપેલી અહિંસા જીવન-માં વણી દઇએ. જે સત્ય અને સંયમ માટે તેઓશ્રીએ દેહની પણ પરવા ન કરી તે સત્ય અને સંયમનું પાલન કરવા ઉજમાળ બનીએ. એમનું વરસીદાન સંભારીને આપણા હાથને દાનથી શોભાવીએ. એમની નિર્વિકારતાને નિહાળીને શરીરને શીલથી શોભાવીએ. એમનાં ઘોર તપથી અંજાઇને ઇંદ્રિયોને તપથી શોભાવીએ. વિશ્વકરુણાના એમના ઉત્તમોત્તમ ભાવને લક્ષમાં રાખીને ચિત્તને શુભ ભાવનાથી ભાવિત બનાવીએ. હૃદયને ઉદાર બનાવી, મનોવૃત્તિને શુદ્ધ બનાવી અને જીવનને નિર્મળ બનાવી જાતને શોભાવીએ.

વીરવિભુ ત્રિભુવનના તારક છે, જગતના ગુરુ છે, વિશ્વના પથદર્શક છે. કલ્પનાને પણ કંપાવે એવી



For Private And Personal Use Only

કારમી કસોટીઓમાં પણ અડગ રહેનાર એ વીર છે. આંતરિક શત્રુઓની સામે સતત યુદ્ધ કરનાર એ અણનમ યોદ્ધા છે. દેવોની વિનતિને તરછોડી એકલે હાથે ઝઝૂમનાર એ વીર પરમાત્મા છે. બાર બાર વર્ષ સુધી ઊભા પગે રહી કઠોર કષ્ટો વેદનાર એ વીર પરમાત્મા છે, સાધનાની વેળાએ પગ વાળીને એ બેઠા નથી. ક્યારેક નિદ્રા આવી ગઈ તો પણ ઊભા ઊભા. ખોરાક પણ તેમણે કવચિત્ જ લીધો. આત્માનું ઓજસ પ્રગટાવવા અહોનિશ અથાગ પરિશ્રમ એમણે ઉઠાવ્યો છે.

જે વીરવિભુએ ગર્ભાવસ્થામાં પણ માતાની ભક્તિ કરી, જે વીરપ્રભુએ ત્રણ ત્રણ જ્ઞાન સાથે લઇને જન્મ લીધો, જે વીરવિભુએ બાલ્યવયમાં જ અજોડ પરાક્રમનો અનુભવ કરાવીને 'મહાવીર'નું બિરુદ પ્રાપ્ત કર્યું, જે વીરવિભુએ લઘુવયમાં પંડિતોનાં જ્ઞાનને ઝંખવાણું બનાવ્યું, જે વીરવિભુએ યુવાનવયમાં ભોગસુખોને લાત મારી, જે વીરવિભુએ અડોલ રહીને 'મહાવીર'નું બિરુદ સાચું કરી બતાવ્યું, જે વીરવિભુએ કઠોર સાધના કરીને કૈવલ્ય પ્રાપ્ત કર્યું, જે વીરવિભુએ જગતને ઉદ્ધારવા જીવન ખર્ચી નાંખ્યું, જે વીરવિભુએ સૌને પ્રિયકર અને સુખકર વાણી વરસાવી, જે વીરવિભુએ દિવ્યાંજન આંજીને દિવ્યતાનું દર્શન કરાવ્યું, જે વીરવિભુએ જગતને મુગ્ધ બનાવ્યું, જે વીરવિભુએ અપકારીઓને ઉપકારના ભારથી દાબ્યા, જે વીરવિભુએ તીર્થ પ્રવર્તાવીને દીર્ઘકાળ સુધી એમનો ઉપકાર લંબાવ્યો, જે વીરવિભુએ અંતિમસમયે પણ સોળ સોળ પ્રહર સુધી ઉપદેશની અમૃતધારા સતત વહાવી, તે વીરવિભુના આપણે ઋણી છીએ. જીવનનું બલિદાન કર્યે પણ એ ઋણ ફીટે એવું નથી. એ ઋણને તો માત્ર આપણે યાદ કરીએ અને કૃતકૃત્ય બનીએ.

પ્રભુએ ધીરચિત્તે સહન કરેલા ઉપસર્ગોની એક લાંબી હારમાળા થાય છે. સુંદર મહેલોમાં જન્મ લેનાર, અંગ ઉપર અનેક સુંદર લક્ષણો ધરાવનાર, અને સુખી રાજકુળના દીપક ઉપર પણ જ્યારે પારાવાર સંકટો અને ઉપસર્ગો આવતા સાંભળીએ છીએ ત્યારે હૈયું હચમચી ઊઠે છે. એમને વેદના આપનાર માત્ર માનવો નહોતા, માત્ર જંગલી જાનવરો નહોતાં પરંતુ દેવો પણ તેમને અપાર વેદના આપતા અચકાયા નથી. એમની સહનશક્તિ, એમની અડોલતા, એમની ધીરજ અને એમની હિંમત દેવોથી પણ સહન ન થઇ–ઇર્ષ્યાની આગમાં દેવો અને દાનવો બળ્યા અને વીરપ્રભુને બાળવા આકાશપાતાળ એક કર્યાં, પરંતુ ડગે એ વીરપ્રભુ નહિ. કપરાં સંકટોમાં પણ એમણે અકલ્પ્ય સામર્થ્ય દાખવ્યાં. અંગારા વરસાવનાર ઉપર એમણે દયાનું ઝરણું વહાવ્યું. ભયંકર વિષ ફેંકનાર ચંડકૌશિકનાગ ઉપર એમણે સુધા રેલાવી. એમના ચરણયુગલનો ચૂલા તરીકે ઉપયોગ કરનાર પ્રત્યે એમણે દયા ચિંતવી. કાનમાં ખીલા ઠોકનાર પ્રત્યે એમણે વિરોધનો એક સૂર પણ ન સંભળાવ્યો. મારી નાખવા આવનારને એમણે આત્મજ્ઞાન આપ્યું. તીવ્ર ઉપસર્ગો કરનાર સંગમદેવની કરુણા ભાવતા એમની આંખો અશ્રુભીની બની. બાર બાર વર્ષો સુધી ધીરચિત્તે, હૈયાની અડગ વીરતા રાખીને અનેક ઉપસર્ગો અને પરિસહો એમણે સહ્યા.

માત્ર પ્રતિકૂળ ઉપસર્ગો એમણે વીરતાથી વધાવ્યા એટલું જ નહિ અનુકૂળ ઉપસર્ગો પણ એમણે અનુપમ ધીરતાથી સહન કર્યા. રમણીઓ આવી અને અપ્સરાઓ આવી, સૌંદર્યના અને કળાના પ્રદર્શનો થયા, નૃત્યની રમઝટ થઇ અને વાદ્યના મધુરા સરોદો થયા, સંગીત અને લલિતકળાના પ્રદર્શનો થયા, પરંતુ વીરવિભુ એમાં ન મૂંઝાયા, સુકોમળ સ્પર્શો એમને ન લલચાવ્યા, મધુરાં ગીતોએ એમને મુગ્ધ ન કર્યા, મોહક રૂપોએ એમને ન આંજ્યા. સંસારદાવાનળના દાહથી સતત દાઝી રહેલા માનવીને ઠારવા જેમણે જન્મ લીધો, થાકેલા માનવીને શાંતિ અને સુખનો સ્વાદ આપવા જેમણે જીવન નિચોવી નાંખ્યું, સંસારસુખમાં સબડતા માનવીને આત્માનંદની લહરીઓનું ભાન કરાવવા જેમણે અથાગ પરિશ્રમ વેઠ્યો તેમને પરિસહો વેઠવાની સહનશીલતા સ્વાભાવિક વરેલી હોય.

વાસનાપ્રેમી પાગલ હૈયાંઓને દિવ્ય પ્રેમની મોજ મણાવવા, માનવની માનવતા પ્રગટાવવા અને પશુતા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓસરાવવા, જગતની સુષુપ્ત આત્મશક્તિને ચેતનવંતી અને ઉદાત્ત બનાવવા, સ્વાર્થપરાયણ જીવોને સેવાપરાયણ બનાવવા, વિના અભિમાને અને વિના રાગે, વિના કીર્તિની કાંક્ષાએ અને વિના મોહે, કેવળ કરુણારસમાં વિશ્વને ન્હવરાવવા, અને કેવળ સાર્વત્રિક સુખ પ્રસરાવવા તેઓએ ભેખ લીધો. અથાગ પરિશ્રમ વેઠીને માનવને ઉન્નત બનાવવા તેઓ ઠેરઠેર સંચર્યા. શું આર્યદેશ કે શું અનાર્યદેશ, શું શહેર કે શું જંગલ, શું હરિયાળી પ્રદેશ કે શું રેતાળ પ્રદેશ, પ્રત્યેક સ્થળે કષ્ટની પરવા કર્યા વિના વીરવિભુ વિચર્યા છે.

અનુપમ આત્મસાધના કરી એમણે કૈવલ્ય પ્રગટાવ્યું. લોકાલોકની સમગ્ર વસ્તુને એમના જ્ઞાનમાં સમાવી દીધી. કોઈ એવો કાળ નથી, કોઇ એવું દ્રવ્ય નથી કે કોઇ એવું ક્ષેત્ર નથી કે જેનું જ્ઞાન પરમપિતાને ન હોય. કોઇ એવું વિજ્ઞાન નથી, કોઇ એવી કળા નથી, કોઇ એવી શક્તિ નથી કે જે એમનાથી અજાણ્યાં હોય. બધું યે જ્ઞાન ભર્યું છે એમના આત્મમાં, બધી યે શક્તિ વરી છે એમના આત્માને, બધું યે તેજ સમાયું છે એમના દિવ્ય તેજમાં. જેમની પાસે સુંદર એવું બધું જ છે તેઓ પૂર્ણ છે. અધૂરાશ અને અપૂર્ણતા એમનામાં છે નહિ.

જનહૈયાને ઠારવા એમણે અમૃતવાણી વરસાવી છે. એ વાણીમાં અપૂર્વ મધુરતા સમાયેલી છે. રત્નોના અને મણિઓના સિંહાસનો પર બેસતાં છતાં, દેવોની અને માનવોની ભક્તિ ઝીલતાં છતાં, સુવર્ણકમળ ઉપર ચરણકમળ માંડતાં છતાં, એમણે તો વિગતની જ વાતો વહાવી છે. રત્નો અને મણિ પત્થર જ છે, વિવિધ રૂપો એ વિનાશી પુદ્‌ગલનાં જ વિવિધ પરિવર્તનો છે, મનગમતાં મોહક રૂપો ખરી પડનારા અને માટીમાં ભળી જનારા પુદ્‌ગલોનાં લક્ષણો છે એ એમણે સમજાવ્યું છે. પ્રત્યેક પ્રાણી પ્રત્યે પ્રેમ રાખવાનું એમણે શીખવ્યું છે. જીવમાત્રને જીવવાનો અધિકાર છે અને મરવું કોઇને ગમતું નથી એ બોધ તેઓશ્રીએ આપ્યો છે. પ્રત્યેક વ્યક્તિની દૃષ્ટિમાં કંઇક કંઇક સત્ય છૂપું પડેલું છે એવું દિવ્ય જ્ઞાન એમણે આપ્યું છે. અનુપમ રીતે જીવન જીવવા માટે આત્મભોગ આપવાની વૃત્તિ કેળવવાનું એમણે શીખવ્યું છે. ઇન્દ્રિયોને દમવી પડે, દેહને રિબાવવો પડે, લાગણીઓને મારવી પડે, ઇચ્છાઓને રૂંધવી પડે તો પણ પરહિતચિંતામાં રત બનવાનું એમણે શીખવ્યું છે.

કૈવલ્ય પ્રાપ્ત કરીને તેઓશ્રીએ એક અનુપમ તત્ત્વજ્ઞાન વિશ્વની સમક્ષ મૂક્યું છે, એ તત્ત્વજ્ઞાનમાં વિશ્વરચનાની ગહનતા ઉકેલવામાં આવી છે અને પ્રત્યેક પ્રશ્નનો સુંદર, સચોટ અને સરળ ઉત્તર આપવામાં આવેલ છે. ચૌદ રાજલોકનું સુંદર સ્વરૂપ એ તત્ત્વજ્ઞાનમાં મળે છે. આત્મતત્ત્વનું અગાધ ઊંડાણ એ તત્ત્વજ્ઞાનમાં ભર્યું છે, કર્મતત્ત્વની ગહનતા અને એના ભેદપ્રભેદોની છણાવટ માત્ર જૈન તત્ત્વજ્ઞાનમાં જ જોવા મળશે. પુણ્ય અને પાપની, સંવર અને નિર્જરાની, બંધ અને મોક્ષની, નર્ક અને નિગોદની, પ્રવૃત્તિ અને નિવૃત્તિની તથા શ્રદ્ધા અને જ્ઞાનની વાસ્તવિક સમજણ જૈન તત્ત્વજ્ઞાનમાં જ મળશે. અનુપમ ઉદારતાભર્યા અનેકાંતવાદનું દર્શન જૈન દર્શનમાં જ થાય છે. ઝીણવટભરી અહિંસાનું જે સંપૂર્ણ સ્વરૂપ જૈનદર્શનમાં છે તે બુદ્ધિને ચકિત બનાવે છે. આશરે અઢી હજાર વર્ષોનાં વહાણાં વાયા પછી પણ એ તત્ત્વજ્ઞાનની એક કાંકરી ખરતી નથી. એ અઢીહજાર વર્ષોનાં ગાળામાં વિચારના ક્ષેત્રે થયેલું ઊંડાણ અને વિજ્ઞાનના ક્ષેત્રે થયેલી પ્રગતિ જિનવાણીમાં રહેલું સત્ય સિદ્ધ કરે છે. કૂદકે અને ભૂસકે આગળ વધતા તથા ક્ષણે ક્ષણે પરિવર્તન પામતાં આ યુગમાં વીરશાસનના સત્યોની સનાતનતા અને ત્રિકાલાબાધિતતા જોઇને હૈયું ડોલી ઊઠે છે. દિલ બોલી ઊઠે છે કે જેમણે અમૃતવાણી વરસાવીને આવું અનુપમ તત્ત્વજ્ઞાન પીરસ્યું તે વીરને કોટિ કોટિ વંદન હો! એ વીરનાં ચરણોમાં જીવન સમર્પિત થાય, એ વીરની આજ્ઞા માથે ચઢાવાય, એ વીરની વીરતાના રોજ ગુણગાન ગવાય અને એ વીરનું રોજ રોજ પૂજન થાય એવી હોંશ કયા જૈનહૈયામાં ન હોય?

એ વીરવિભુનો વિરહ આજે ખૂબ સાલે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમના વિના અજ્ઞાનના અંધારામાં આપણે અટવાઈએ છીએ. મોહથી માયામાં મુંઝાઈએ છીએ અને કષાયના કાદવમાં રગદોળાઈએ છીએ. એમની આજ્ઞાને માથે ચડાવવામાં, એમણે દર્શાવેલા પંથે પ્રયાણ કરવામાં અને એમણે પ્રરૂપેલા સત્યોને આચરવામાં આપણે પછાત રહીએ છીએ. શ્રી વીરવિભુના ગુણગાન આપણે રોજ ગાઈએ છીએ પરંતુ એમનાં ગુણોને જીવનમાં ઉતારવાની આળસ સેવીએ છીએ. શ્રી વીરને આપણે હંમેશા યાદ કરીએ છીએ પરંતુ એમની વીરતાને આપણે ભૂલી ગયા છીએ. કેસરીઆજી તીર્થનું પ્રકરણ કોઠે પડી ગયું છે અને રતલામ મંદિરનું પણ સમયના વહેણ સાથે કોઠે પડી જશે. જગતના જીવમાત્રને શાસનરસી બનાવવાની શ્રી વીરપ્રભુની ભાવનાને આપણે પ્રશંસીએ છીએ પરંતુ આપણી જાતને શાસનરસી બનાવવાના પ્રયાસમાં ખૂબ કચાશ રાખીએ છીએ. સમગ્ર વિશ્વમાં જૈનધર્મ પ્રસરાવવાની વાતો ખૂબ કરીએ છીએ પરંતુ માત્ર ભારતમાં પણ સર્વસ્થળે વીરવિભુનો સંદેશ પહોંચાડવા આપણે વિશેષ કાંઈ કરી શક્યા હોય એમ જણાતું નથી. જે ભારતમાં પ્રભુએ જન્મ લીધો અને જે ભારતને પ્રભુએ એમના ચરણસ્પર્શથી પાવન કર્યું તે ભારતમાં જ જૈનધર્મથી અનેક લોકો અજાણ છે.

પ્રાણીદયાનો જે ભવ્ય આદર્શ પ્રભુએ જગત સમક્ષ મૂકયો અને જે આપણા પૂર્વજોએ ભાવથી ઝીલ્યો તે આદર્શના પાલનમાં ક્ષતિ આવતી જાય છે અને માનવહિતના બહાના હેઠળ પ્રાણીવધની પ્રવૃત્તિ વેગપૂર્વક આગળ ધપતી જાય છે. રોજીંદા વપરાશની વસ્તુઓ પણ પ્રાણીવધ દ્વારા બનાવીએ છીએ અને નિઃસંકોચ વાપરીએ છીએ. વિજ્ઞાનની પ્રગતિમાં અંધ બનેલા આપણે માનવદયા પણ વિસરી ગયા છીએ. જ્યારે પ્રાણીવધની પ્રવૃત્તિને ઉત્તેજન આપવાનું હોય ત્યારે જ માનવજીવનની કિંમત સંભારવામાં આવે છે, પરંતુ મહાન લેખાતા માણસોની મહત્ત્વાકાંક્ષાને પોષવા અને એમની સગવડતા સાચવવા અનેક નિર્દોષ માણસોનું જીવન ખતરનાક બને એવી પ્રવૃત્તિ કરતી વેળા અને તેવાં સાધનો બતાવતી વેળા માનવદયાને સગવડતાપૂર્વક ભૂલી જવામાં આવે છે. મોંઘેરું માનવજીવન વિજ્ઞાનયુગમાં સસ્તું બનતું જાય છે. સત્ય તો એ છે કે માનવરક્ષણ માટે પ્રાણીવધની ભાગ્યે જ આવશ્યકતા હોય છે.

માનવહિત માટે ઘણું યે કરવાનું છે. માનવની આજની દુઃખદ સ્થિતિ જોઈને હૈયું વલોવાઈ જાય છે. માનવમાત્રનું ભલું કરવાની કદી નહોતી એવી અગત્ય ઉપસ્થિત થઈ છે. જ્યારે ભારતમાં સ્વાવલંબી ગ્રામ્ય જીવન હતું ત્યારે સૌ સૌની આવશ્યકતાઓ સંભારી લેતું. આજે પરિસ્થિતિ તદ્દન ઊલટી છે. જીવન જ એ જાતનું બની ગયું છે કે પ્રત્યેક માનવીને પરાવલંબન રહે છે. સહાય અને સહકારને અભાવે વિકટ પરિસ્થિતિ ઊભી થઈ ગઈ છે. પેટ માટે પાપાચરણ કરવા છતાં લૂખો રોટલો પણ મળતો નથી. જીવનની જરૂરિયાતો મેળવવા આકાશપાતાળ એક કરવા પડે છે છતાં તે દૂરની દૂર જ રહે છે. મધ્યમવર્ગની સ્થિતિ અસહાય છે. દુઃખ ગાવા માટે એની પાસે જીભ નથી. આબરૂ જાળવી રાખવાના ખ્યાલે વિકટ સંયોગોમાં નીચી મૂંડીએ બેસી રહે છે. એ સ્થિતિને દૂર કર્યે જ છૂટકો. પોતપોતાથી બનતી બધી જ શક્તિ એ માર્ગે ખર્ચવી જ જોઈએ. ભૂદાન, સંપત્તિદાન, અન્નદાન, વસ્ત્રદાન અને શ્રમદાનની પ્રવૃત્તિઓને ખૂબ વેગ આપવાની આવશ્યકતા છે. દાનથી ભિક્ષાને ઉત્તેજન મળે છે એવો ભ્રામક ખ્યાલ દૂર કરવો ઘટે છે. અનુકંપા કરતી વેળા વ્યક્તિના ગુણાવગુણોની બાબતમાં પડવાનું ન હોય એમ શ્રી વીરભગવાને પણ ફરમાવ્યું છે. દુઃખીનું દુઃખ જોઈને જેનાં હૈયામાં કરુણાભાવ ન પ્રગટે એ ધર્મને પણ યોગ્ય હોવાનો સંભવ અલ્પ છે.

એ ખરું છે કે પરમપિતાના વિરહકાળમાં ત્રુટિઓ તો રહેવાની જ. પરંતુ એ ભૂલવું ન જોઈએ કે શ્રી વીર પરમાત્મા આપણી વચ્ચે નથી છતાં એમનો દિવ્ય સંદેશ આપણી સમક્ષ છે. એ દિવ્ય સંદેશનો સતત ખ્યાલ કરાવનાર એમનાં મંદિરો ઠેરઠેર છે. પરમપિતાના પ્રતીકરૂપે એમની પ્રતિમા આપણને પ્રેરણા આપી રહી છે. અગાધ જ્ઞાનભર્યા ભવ્ય જિના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકર મહાવીર—એક અંજલિ

લેખકઃ—પ્રોફેસર જયંતીલાલ ભાઈશંકર દવે એમ. એ.

જગતની બે મહાન વિભૂતિઓ શ્રી મહાવીરસ્વામી અને ગૌતમબુદ્ધ શ્રમણ પરંપરાની દિવ્ય જ્યોતિ હતા. બન્ને ઇ. સ. પૂર્વે ૬૦૦ લગભગ થઇ ગયા એમ વિદ્વાનો માને છે. બુદ્ધ અને મહાવીર સમકાલીન હોવા છતાં મહાવીર બુદ્ધથી નાના હતા. બન્ને વચ્ચે બીજો અને મહત્વનો તફાવત તો એ છે કે બુદ્ધ એક નવીન ધર્મસંસ્થાપક હતા અને મહાવીર તો કેવળ ધર્મવ્યવસ્થાપક હતા. આ બાબત આપણે વધારે વિચાર કરીએ.

જૈનો પોતાના ધર્મને અનાદિ માને છે. તીર્થંકરો તો જગતમાં આવીને માનવ કલ્યાણ અર્થે સનાતન જૈન ધર્મ ઉપદેશે છે. અગાઉના યુગોમાં અનેક તીર્થંકરો થઇ ગયા અને એમણે એ જ સનાતન જૈન ધર્મનો ઉપદેશ કર્યો હતો, માટે જ તીર્થંકરોને આપણે ધર્મવ્યવસ્થાપક તરીકે સમજીએ છીએ. જેવી રીતે ગત તીર્થંકરોએ માનવ ઉદ્ધાર માટે કાર્ય કર્યું તેવી જ રીતે મહાવીરસ્વામીએ પણ કર્યું. બુદ્ધ પરત્વે આપણે કહ્યું કે તે એક નવીન વિચારશ્રેણિના ઉત્પાદક હતા અને નવીન ધર્મના સ્થાપક બન્યા.

બન્ને ધર્મો શ્રમણ પરંપરાના હોવાથી તે વૈરાગ્યપ્રધાન છે, ત્યાગપ્રધાન છે, તપશ્ચર્યાપ્રધાન છે. બાર બાર વર્ષ સુધી કઠોર તપશ્ચર્યા કર્યા પછી જિનપ્રવર મહાવીરસ્વામી અગ્નિશુદ્ધ સુવર્ણ જેવા થઇ ગયા. અનેક જન્મ જન્માંતરોનાં કર્મો બળીને ભસ્મ થઇ ગયાં. શુદ્ધ જ્ઞાન, શુદ્ધ દર્શન, શુદ્ધ ચારિત્રની મૂર્તિ સમા મહાવીર લોકસમૂહમાં જનકલ્યાણનો ઉપદેશ આપતા વિહરવા લાગ્યા અને તીર્થંકરપદને પામ્યા.

તીર્થંકર શબ્દ મનનીય છે. 'તીર્થ' એટલે તરવાનું સાધન. જે આવું તરવાનું સાધન બનાવી આપે તે તીર્થંકર. જગત્ એક દુસ્તર અને જેનો છેડો નથી એવા અનંત સાગરની પાર જવું હોય તો બૂડે નહિ એવી હોડી જોઇએ. આત્માનું સત્યજ્ઞાન એ જ સંસારસાગરને તરવાનું સાધન છે. આત્માનું સાચું જ્ઞાન આપણને હોય તો જ આપણે આત્મા અને અનાત્માનો વિવેક કરી શકીએ, કર્તવ્ય અને અકર્તવ્યનો વિવેક કરી શકીએ. આત્મજ્ઞાન એ જ જીવનની દીવાદાંડી છે.

મહાપુરુષોનું મહત્વ બે રીતે છેઃ એક તો ઐતિહાસિક દષ્ટિએ અને બીજું અર્વાચીન જીવનની દષ્ટિએ. દરેક દેશમાં અને યુગમાં જ્યારે જ્યારે કોઇ મહાન્ અને વિકટ જીવનસમસ્યા ઉકેલવાની આવે છે, ત્યારે કોઇ મહાપુરુષ તે કાર્ય માટે અવતરેલ હોય જ. તે કોઇ નવીન માર્ગે લોકોને દોરી જીવનસમસ્યાઓનો ઉકેલ કરે છે. માનવ—ઇતિહાસમાં આવા મંથન—કાળો અનેક વાર આવે છે અને જૂનાં જીવનમૂલ્યોનો નવીન જીવન—મૂલ્યોની સાથે ખુલ્લો સંઘર્ષ જાગે છે. આવા સમયે આપણે જીવનનાં મૂલ્યોનું ખરેખરું મૂલ્ય શેમાં રહેલું છે તેનો પ્રયત્ન કરીએ છીએ. જીવનના સનાતન સિદ્ધાંતો બદલાઇ જતા નથી. દેશ અને કાળના સંજોગોને અનુરૂપ તેનું ગમે જગતમાં પ્રકાશ પાથરી રહ્યા છે. શ્રી વીરે આપણા માટે મૂકેલો એ ભવ્ય વારસો છે. આપણે એ વારસાને યોગ્ય બનીએ અને આપણી ત્રુટિઓ દૂર કરવા કમર કસીએ. એમની આજ્ઞા શિરોધાર્ય કરીને આજે એમનું સાચું ભાવપૂજન કરીએ અને સદાકાળ એ ભાવપૂજન કરવાની શક્તિ આપણામાં પ્રગટે એ યાચના પરમાત્મા પાસે કરીએ.

શ્રી વીર પરમાત્માનો દિવ્ય સંદેશ વિશ્વના ખૂણેખૂણે પ્રસરો અને સૌનું કલ્યાણ હો એવી આજના મંગલમય સુપ્રભાતે પ્રભુ પ્રત્યે અભ્યર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચરણ થાય છે. દાખલા તરીકે અહિંસાનો સનાતન અને વ્યાપક સિદ્ધાંત મહાવીરસ્વામીના સમયમાં તેમનું જીવન અહિંસા કેવી રીતે આચારમાં મૂકી શકાય તેનું એક જ્વલંત દૃષ્ટાંત હતું. અર્વાચીન દૃષ્ટિએ વિચારતાં પણ એમજ લાગે છે કે અહિંસા જ જીવનનો મૂળભૂત સિદ્ધાંત હોઇ શકે. વ્યક્તિગત જીવનમાં માણસ માણસ વચ્ચેના સંબંધોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંબંધો અને અર્થકારણમાં હિંસાવડે વ્યવહાર કરીએ તો પરિણામ કેટલું ભયંકર આવે તેની તો માત્ર કલ્પના જ કરવી રહી. ગાંધીજીએ તો અહિંસાનો સિદ્ધાંત રાજકારણ અને અર્થકારણમાં પણ કેટલો બધો સફળ ઉપયોગ થઇ શકે છે તે બતાવી આપ્યું હતું, અને જગતના વિચારકો જ્યારે one world એટલે સમગ્ર જગતની એક કુટુંબ વ્યવસ્થાનો આદર્શ સેવી રહ્યા છે ત્યારે તેના પાયામાં અહિંસા જોઇશે જ. હું ધારું છું કે એટલા માટે જ પ્રાચીનોએ અહિંસાને 'મહાવ્રત' અને 'સાર્વભૌમ મહાનિયમ' તરીકે ઓળખાવી છે. વ્યાપક અહિંસાધર્મમાં સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આવી જ જાય. પાતંજલ યોગસૂત્રો, મનુસ્મૃતિમાં, બૌદ્ધ પંચશીલમાં, જગતના તમામ ધર્મોમાં પાંચ વસ્તુનો ઉપદેશ છે. ફરક માત્ર એટલો જ કે જૈન ધર્મમાં સૌથી વધારે ભાર અહિંસા પર મૂકાયો છે.

સતત આત્મજાગૃતિનો ધ્વનિ મહાવીરસ્વામીના ઉપદેશમાં સ્પષ્ટ દેખાઇ આવે છે. અપ્રમાદ-સૂત્રમાંથી થોડાંક અવતરણ અહિ હું આપું તો અસ્થાને નહિ ગણાય. મહાવીરસ્વામી ગૌતમને કહે છે."

"ઉત્તમ ધર્મનું શ્રવણ પામીને તેના પર શ્રદ્ધા રાખવી બહુ અઘરી છે. ઘણાય માણસો જ્ઞાન મેળવ્યા પછી પણ મિથ્યાત્વનું સેવન ચાલુ રાખે છે.

"હે ગૌતમ! ક્ષણમાત્ર પણ પ્રમાદ મા કર!"

"ધર્મ પર શ્રદ્ધા રાખીને ધર્મનું શારીરિક ક્રિયાઓમાં આચરણ કરવું બહુ જ મુશ્કેલ છે. સંસારમાં ઘણાય ધર્મ-શ્રદ્ધાળુ માણસો પણ કામ-ભોગોમાં રચ્યાપચ્યા રહે છે. હે ગૌતમ! ક્ષણમાત્ર પણ પ્રમાદ મા કર."

"તું આ વિશાળ સંસારસમુદ્રને તો તરી ચૂક્યો છે તો ભલા માણસ, કિનારે આવીને કાં અટકી પડ્યો? સમુદ્ર પાર જવા માટે બની શકે તેટલી ઉતાવળ કર. હે ગૌતમ! ક્ષણમાત્ર પણ પ્રમાદ મા કર."

ભગવાન્ મહાવીરનાં આવાં અર્થપૂર્ણ પદોવાળાં સુભાષિત વચનો સાંભળીને શ્રી ગૌતમસ્વામી રાગ અને દ્વેષનાં બંધનો કાપી નાંખીને વીતરાગ બન્યા અને સિદ્ધિ-ગતિને પામ્યાં.

જેણે લૌકિકદૃષ્ટિએ પણ હિતકારિણી અને લોકોત્તરદૃષ્ટિએ મોક્ષગામિની દૃષ્ટિ આપી એવા તીર્થંકર શ્રમણભગવાન મહાવીરને અનેકાનેક વંદન!

---

આત્માર્થી મનુષ્યે, પોતે જોયેલી વાત પણ પરિમિત શબ્દોમાં, સંદેહ ટળે એ રીતે, તમામ રીતે પૂરેપૂરી, સર્વ પ્રકારે સ્પષ્ટતાવાળી, બડબડાટ વિનાની અને ઉદ્વેગ ન કરે એવી ભાષામાં કહેવી.

—મહાવીર વાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરના સમકાલીન કેટલાક રાજાઓ

પ્રાધ્યા. ખી. ચાં. શાહ એમ. એ.

ભ. મહાવીરસ્વામીએ ત્રીસ વર્ષની ઉંમરે દીક્ષા લીધી ત્યાર પછી જ્યાં જ્યાં તેમણે વિહાર કર્યા તથા ચોમાસાઓ ગાળ્યાં, તેની વિગતવાર નોંધ જૈન ગ્રંથોમાં મળી આવે છે. આ નોંધોને ઝીણવટથી તપાસી મુનિશ્રી કલ્યાણવિજયજીએ પોતાના "**શ્રમણ ભગવાન્ મહાવીર**" નામના ગ્રંથમાં વિહારો તથા ચોમાસાંઓને સાલવાર ગોઠવ્યાં છે. આ સાલવારીનો અભ્યાસ કરતાં આપણને કેટલીક ઉપયોગી ઐતિહાસિક હકીકતો મળી આવે છે.

પ્રથમ આપણે જે વિહાર તથા ચોમાસાઓ આપણને ઉપયોગી થઈ પડે તેવાં છે તેની મુનિશ્રી કલ્યાણવિજયજીએ આપેલી સાલવારીનો અહીં નિર્દેશ કરશું.

( ૧ ) પોતાના ૪૨ મા વર્ષમાં ચોમાસાં પહેલાં ભ. મહાવીર કૌશાંબી ગયા. ત્યાં તે વખતે રાજા શતાનિક રાજ્ય કરતો હતો.

પોતાના ૪૪ મા વર્ષમાં ચોમાસા પછી ભ. મહાવીર ફરીથી કૌશાંબી ગયા તે વખતે રાજા ઉદયન ગાદી ઉપર હતો અને ઉદયન નાની ઉંમરનો હોવાથી તેની માતા રાણી મૃગાવતી રાજ્યકારભાર ચલાવતી હતી.

પોતાના ૪૯ મા વર્ષમાં રાજગૃહમાં ચોમાસું ગાળીને ભ. મહાવીર ફરીથી કૌશાંબી ગયા તે વખતે રાજા ઉદયન હજી પણ ઉમર લાયક થયો ન હતો છતાં પણ તેની સંભાળ રાખવાનું કામ પોતાના બનેવી અવંતિના રાજા પ્રદ્યોતને સોંપી રાણી મૃગાવતીએ દીક્ષા લીધી.

( ૨ ) પોતાના ૪૮ મા અને ૪૯ મા વર્ષમાં ભ. મહાવીરે ચોમાસાં રાજગૃહમાં ગાળ્યાં. આ વખતે ત્યાં રાજા શ્રેણિક રાજ્ય કરતો હતો. અને તે પોતાની રાણીઓ સાથે ભ. મહાવીરને વાંદવા આવ્યો હતો.

પોતાના ૫૨ મા અને ૫૪ મા વર્ષમાં મહાવીરે ચોમાસાં ફરીથી રાજગૃહમાં ગાળ્યાં પણ આ વખતે રાજ્યકુટુંબનો કોઈ સભ્ય વાંદવા આવ્યો હોય તેવો ઉલ્લેખ મળતો નથી.

પોતાના ૫૪ મા વર્ષમાં રાજગૃહમાં ચોમાસું ગાળીને ભ. મહાવીર ચંપા ગયા. ત્યાં તે વખતે મગધના રાજા કુણિકનો મુકામ હતો. કુણિક સપરિવાર વાંદવા આવ્યો હતો.

પોતાના ૫૫ મા વર્ષમાં મિથિલામાં ચોમાસું ગાળી ભ. મહાવીર ફરીથી ચંપા ગયા. તે વખતે રાજા કુણિક ત્યાં હતો અને મહાશિલાકંટક યુદ્ધ શરૂ થઈ ગયું હતું.

( ૩ ) પોતાના ૫૬ મા વર્ષમાં મિથિલામાં ચોમાસું ગાળીને ભ. મહાવીર શ્રાવસ્તી ગયા. અહીં તેને ગોશાલક સાથે તકરાર થઈ જેને પરિણામે તેઓ માંદા પડ્યા. આ માંદગીએ થોડા જ વખતમાં ભયંકર સ્વરૂપ ધારણ કર્યું પણ સદ્ભાગ્યે તેમના ૫૭ મા વર્ષના પહેલા માસમાં આરામ આવી ગયો. આ માંદગી દરમ્યાન તેમને પોતાના જમાઈ અને શિષ્ય જમાલિ સાથે વિવાદ થયો અને જમાલિ તેમનાથી જૂદો પડ્યો.

મારા મત પ્રમાણે ભ. મહાવીરનો જન્મ ઇ. પૂર્વે. ૫૩૯ના એપ્રિલ માસમાં અને નિર્વાણ ઈ. પૂર્વે ૪૬૮ના ઓકટોબર માસમાં થયું હતું. આ તારીખો સ્વીકારીને ઉપરની હકીકતોમાંથી મળી આવતી ઐતિહાસિક માહિતિ સાલવાર આપું છું.

( ૧ ) ઇ. પૂર્વે ૪૯૮ માં કૌશાંબીમાં શતાનીક રાજ્ય કરતો હતો પણ ઇ. પૂર્વે ૪૯૫ માં બાળરાજા ઉદયનની વતી તેની મા રાણી મૃગાવતી રાજ્ય કારભાર ચલાવતી હતી. એટલે આ સમય દરમ્યાન રાજા શતાનિક મૃત્યુ પામ્યો હશે. ઇ. પૂર્વે ૪૯૦ માં ઉદયન હજી પણ ઉમરલાયક થયો ન હતો અને અવંતિમાં પ્રદ્યોત રાજ્ય કરતો હતો. બધા જૈન લેખકો સ્વીકારે છે કે જે રાત્રિએ ભ. મહાવીરનું નિર્વાણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયું તે જ રાત્રિએ અવંતિમાં પાલકનો રાજ્યાભિષેક થયો હતો. પુરાણો જણાવે છે કે પ્રદ્યોતે ૨૩ વર્ષ રાજ્ય કર્યું હતું અને તેની પછી પાલક ગાદીપતિ થયો હતો. એટલે પ્રદ્યોત ઇ. પૂર્વે ૪૯૧ માં અવંતિની ગાદીએ આવ્યો હતો તેમ નિશ્ચિત થાય છે.

( ૨ ) ઇ. પૂર્વે ૪૯૨ માં રાજગૃહમાં વૃદ્ધ રાજા શ્રેણિક રાજ્ય કરતો હતો પણ ઇ. પૂ. ૪૮૮ તથા ૪૮૬ માં રાજગૃહમાં રાજવંશનો કોઇ સભ્ય હાજર ન હતો. શ્રેણિકના મૃત્યુ પછી કુણિક મગધની ગાદી ઉપર આવ્યો હતો પણ થોડા જ સમયમાં સેચનક નામના હાથી માટે તેને તેના ભાઈઓ સાથે તકરાર થઇ હતી. ભાઇઓ નાસીને તેમની માતાના પિતા વૈશાલિના રાજા ચેટક પાસે મદદ માટે ગયા. આથી ચેટક અને કુણિક વચ્ચે યુદ્ધ થયું જે મહાશિલા-કંટક યુદ્ધને નામે પ્રસિદ્ધ છે. આ યુદ્ધની તૈયારી કરવા કુણિક રાજધાની રાજગૃહ છોડીને ચંપા ગયો હતો. ઇ. પૂર્વે ૪૮૫ માં કુણિક ચંપામાં હતો અને ઇ. પૂ. ૪૮૪ માં મહાશિલાકંટક યુદ્ધ શરૂ થઇ ચૂક્યું હતું. આ ઉપરથી જણાય છે કે શ્રેણિક ઇ. પૂ. ૪૯૨ થી ૪૮૮ ના સમય દરમ્યાન મૃત્યુ પામ્યા હશે. વળી કુણિક અને તેના ભાઇઓ વચ્ચે તકરાર, ચેટકની દરમ્યાનગિરી, મહાશિલાકંટક યુદ્ધની શરૂઆત–આ બધા માટે લગભગ ચાર પાંચ વર્ષનો સમય જોઇએ એટલે શ્રેણિકનું મૃત્યુ ઇ. પૂ. ૪૯૦ માં થયું હોવું જોઇએ.

( ૩ ) ઇ. પૂ. ૪૮૩ માં ભ. મહાવીરને સખ્ત માંદગી થઇ આવી અને આ માંદગી દરમ્યાન જમાલિ જૂદો પડ્યો. આ હકીકત બુદ્ધ જ્યારે સામગામમાં હતા ત્યારે તેમણે સાંભળી. બુદ્ધનું નિર્વાણ આ બનાવ પછી લગભગ દોઢ વર્ષે થયું, એટલે બુદ્ધ ઇ. પૂ. ૪૮૨ માં નિર્વાણ પામ્યા. મહાવંશના કથન પ્રમાણે બુદ્ધનું નિર્વાણ અજાતશત્રુ( કુણિક )ના રાજ્યના આઠમા વર્ષે થયું હતું એટલે અજાતશત્રુનું રાજ્યારોહણ અને શ્રેણિકનું મૃત્યુ ઇ. પૂર્વે ૪૯૦ માં થયું હતું, જે ઉપર આપેલી સાલ સાથે મળી રહે છે.

પુરાણો પ્રમાણે અજાતશત્રુએ ( કુણિકે ) ૨૫ વર્ષ અને દર્શકે પણ ૨૫ વર્ષ રાજ્ય કર્યું છે. એટલે આપણને નીચે પ્રમાણે સાલવારી મળે છે:—

ઇ. પૂ. ૪૯૭ (આશરે) કૌશાંબીમાં રાજા શતાનિકનું મૃત્યુ અને બાળરાજા ઉદયનનું રાજ્યારોહણ.
,, ૪૯૧ અવંતિમાં પ્રદ્યોતનું રાજ્યારોહણ.
,, ૪૯૦ રાજગૃહમાં શ્રેણિકનું મૃત્યુ અને અજાતશત્રુ( કુણિક )નું રાજ્યારોહણ.
ઇ. પૂ. ૪૯૦ રાણી મૃગાવતીની દીક્ષા
,, ૪૮૨ બુદ્ધનું નિર્વાણ
,, ૪૬૮ મહાવીરનું નિર્વાણ
અવંતિમાં પ્રદ્યોતનું મૃત્યુ અને પાલકનું રાજ્યારોહણ
,, ૪૬૫ રાજગૃહમાં અજાતશત્રુ( કુણિક )નું મૃત્યુ અને દર્શકનું રાજ્યારોહણ

કૌશાંબીનો રાજા ઉદયન પોતાની યુવાવસ્થામાં અવંતિના રાજા પ્રદ્યોતની કુંવરી વાસવદત્તાને પરણ્યો હતો તેમજ જરા મોટી ઉંમરે રાજગૃહના રાજા દર્શકની બહેન પદ્માવતીને પરણ્યો હતો. રાજગૃહનો રાજા શ્રેણિક કોશલના રાજા પ્રસેનજિતની બહેનને પરણ્યો હતો અને કુણિક તેની કુંવરી વજિરીને પરણ્યો હતો. પ્રસેનજિત્ પછી તેનો કુંવર વિડુડભ કોશલની ગાદીએ આવ્યો હતો પણ તેનું નાની ઉંમરમાં અચાનક મૃત્યુ થતાં કોશલનું રાજ્ય કુણિકે ખાલસા કરી મગધમાં ભેળવી દીધું હતું. આ ઉપરથી જણાય છે કે શ્રેણિક, પ્રસેનજિત્ અને શતાનિક લગભગ એક પેઢીમાં હતા તેમની પછીની પેઢીમાં પ્રદ્યોત અને કુણાલ હતા અને ત્રીજી પેઢીમાં પાલક, ઉદયન અને દર્શક હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરનો જીવનસંદેશ*

વક્તા : પ્રાધ્યા. રવિશંકર મ. જોશી એમ. એ.

આજે ભગવાન મહાવીરની જયંતી છે અને તેમના ગુણગાન કરવાને માટે આપણે એકત્ર થયા છીએ.

જ્યારે જ્યારે જયંતિના પ્રસંગે ભગવાનના ગુણગાન કરીએ છીએ ત્યારે ત્યારે આપણા દિલમાં અનોખી ભાવના પ્રગટે છે.

## જયંતિ ઉજવવાનું ધ્યેય

આમ દર વરસે જયંતીઓ ઉજવવામાં નવીનતા શું? એવો પ્રશ્ન સહજ ઉપસ્થિત થાય છે અને તેનો જવાબ એક જ છે કે માનવસ્વભાવ એવો છે કે કોઈ સત્ય એમને એક જ વખત કહેવાથી ગળે ઉતરી જતું નથી. પણ એ સત્યને જેમ જેમ ઘૂંટ્યા કરીએ, તેમ તેમ તે સત્ય થોડાઘણાં અંશે તેને ગળે ઉતરે છે. આપણા ઉપર અજ્ઞાનના થર એવા ગાઢ જામ્યા છે કે તે દૂર કરવા માટે તેના ઉપર બોધરૂપી પાણીનો સતત પ્રવાહ વહેતો રહે તો જ એ થર જરા હળવો પડે, અજ્ઞાનનું આવરણ દૂર થાય અને સત્ય સમજાય. એટલે આવા મહાપુરુષોના અવારનવાર ગુણ સ્મરણ કરીએ, તેઓએ આપેલ સંદેશ સાંભળીએ–તેના ઉપર વિચાર કરીએ તો પરિણામે આપણા ઉપર અજ્ઞાનનું જે આવરણ જડ ઘાલીને જામી ગયું છે તે ધીરે ધીરે દૂર થાય. આ ધ્યેયથી આપણે ભગવાનની જયંતી દરવર્ષે ઉજવીએ છીએ.

ભગવાન મહાવીર ઇ. પૂ. ૫૯૯માં થઈ ગયા. આ બનાવને આજે ૨૫૫૦ જેટલા વરસો વીતી ગયા. આટલા લાંબા સમય દરમિયાન અનેક રાજવીઓ, સેનાપતિઓ, વ્યાપારીઓ, પ્રધાનો, પંડિતો થઇ ગયા પણ તેમની ઊંડી છાપ આપણા દિલમાં દેખાતી નથી. જ્યારે આજે અઢી હજાર વરસે પણ ભગવાન મહાવીરના ગુણગાન કરતી વખતે આપણા દિલમાં અવનવી ભાવના પેદા થાય તો અનેક શુભ પ્રેરણાઓથી આપણું દિલ રંગાય છે, એમના તરફ આપણા અંતરમાં અનેરી પ્રેમની લાગણી ઉદ્‌ભવે છે, એ મહાપુરુષને યાદ કરતા જ અનેકવિધ શુભ લાગણીઓથી આપણું દિલ પ્રદીપ્ત થાય છે એનું કારણ મને એ જ જણાયું છે કે ભગવાન મહાવીરે જે સંદેશ જગતને આપ્યો છે તેમાં લોકકલ્યાણનાં શાશ્વત તત્ત્વો છે, માનવજાત પોતાનો સાચો વિકાસ કેવી રીતે સાધી શકે, તે માટેની સાચી દોરવણી તેમાં છે. ટૂંકામાં તેમનો સંદેશ યુગે યુગે ઉપયોગી અને શાશ્વત સત્યથી ભરેલો છે.

## મહાવિભૂતિઓ ક્યારે જન્મે છે ?

જ્યારે જ્યારે જનતા અવળા માર્ગે ચઢે છે, ચોમેર અંધકાર છવાય છે, અને માનવતાનું લીલામ છડેચોક થતું દેખાય છે ત્યારે ત્યારે જગતને સાચો રાહ બતાવવા માટે આવી વિભૂતિઓ જન્મે છે.

ભગવાન મહાવીરના કાળમાં પ્રજા-જીવનમાં જડવાદનું ઝેરી વાતાવરણ ફેલાયું હતું, રાજવીઓ સત્તાની લોલુપતા માટે અંદર અંદર લડતા અને યુદ્ધનો આતશ જનતાને ભરખી જતો. યુદ્ધમાં લડતા લડતા જે યોદ્ધો પોતાનો પ્રાણ પાથરે તે દિવ્ય–વિજયમાળ પ્રાપ્ત કરે છે એવી અજ્ઞાનભરી માન્યતા લોકોમાં ફેલાવવામાં આવતી અને જનતા વિનાશના માર્ગે ચકચૂર બની ધપી રહી હતી. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધે આ અંધકાર દૂર કરવા માટે પુરુષાર્થ ખેડયો. સત્તાની લોલુપતા, યુદ્ધની જ્વાળાઓ, યજ્ઞાદિના બલિદાનો વગેરે પાશવી તત્ત્વોમાં આપણો વિનાશ રહ્યો છે, તેમાં સાચું સુખ નથી, તેમાં માનવ જાતનું કલ્યાણ નથી, તેમાં તો વાસનાની અલ્પકાલીન તૃપ્તિ જ છે, એ સત્ય તેઓએ જનતાને સમજાવ્યું. અહિંસા અને તપનો શાશ્વત સંદેશ જગતને આપ્યો. આ સંદેશમાં યુગેયુગે માનવ જાત પોતાનો વિકાસ સાધી શકે તે શુભ તત્ત્વ

---

* મહાવીર જયંતીના દિવસે શ્રી યશોવિજયજી ગ્રંથમાલા તથા શ્રી વિજય ધર્મ પ્રકાશક સભાના ઉપક્રમે શ્રી જૈન આત્માનંદ સભામાં ઉજવાયેલ મહાવીર જન્મ મહોત્સવ પ્રસંગે આપેલ ભાષણનો સારભાગ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું, સાચું લોકકલ્યાણ હતું, જીવનની વિશાળ દૃષ્ટિ હતી, અને એટલે જ આજે ભગવાનનો એ સંદેશ અઢી હજાર વરસે પણ સાંભળવો આપણને રુચે છે.

વર્તમાન યુગમાં પણ જગતનો પ્રવાહ ખોટા માર્ગે ધપી રહ્યો છે. આપણે શાન્તિ માગીએ છીએ પણ શાન્તિના બહાના નીચે સત્તા અને ધનની ઝંખના છૂપાયેલી છે. આપણે દૈહિક સુખોને આપણો વિકાસ માની લીધો છે. આ માન્યતા ખોટી હોવા છતાં આપણે તેને સત્ય માનીને આગળ ચાલ્યા છીએ. જેને આપણે પ્રગતિ કહીએ છીએ, તે તો પ્રગતિનો આભાસ માત્ર છે; વાસ્તવિક રીતે તો માનવતાનું તેમાં દેવાળું છે. આવા ખોટા ખ્યાલનો ભરમ ભાંગવા માટે આવા પયગંબરી પુરુષોની દૃષ્ટિ આપણે સમજવી જોઈએ અને તે દૃષ્ટિ વર્તમાન યુગમાં કેમ સક્રિય બનાવવી તેની યોજના કરવી જોઈએ.

* * *

## માનવ જીવનનાં તત્વો

માનવ જીવનમાં બે પ્રધાન દૃષ્ટિ છેઃ એક ઐહિક અને બીજી આત્મિક.

ઐહિક સુખ એટલે ખાવું, પીવું, પહેરવું અને જુદા જુદા ભોગો માણવા, વ્યવહારિક ઉન્નતિ સાધવી– આ પ્રકારનું સુખ આપણને ઘડીભર સુખનો ભાસ આપે છે, પણ તે સાચું સુખ નથી, પણ એ તો પુદ્ગળની વાસનાને પોષવાનાં વિલાસી તત્ત્વો છે, અને એ સુખ શાશ્વત પણ નથી. એ સુખના પરિણામે તો દુઃખ જ જન્મે છે. જ્યારે બીજું તત્ત્વ આત્મિક દૃષ્ટિનું છે. મહાવીર ભગવાને કહ્યું છે કે જો તમે આત્માને પ્રાપ્ત કરશો તો શાશ્વત અનંત સુખ પ્રાપ્ત થશે. વાસનાઓ અને ખરાબ કર્મોથી આત્મા ઉપર અશુદ્ધ તત્ત્વોના થર જામી ગયા છે તેને અખંડ સાધનાથી શુદ્ધ કરો. જેમ જેમ આત્મા ઉપરના થર ધોવાતા જશે તેમ તેમ કોઈ અવર્ણનીય સુખ અને શાંતિનો તમને અનુભવ થતો જશે. જૈન ધર્મનો ઈંદ્રિયનિગ્રહ, વાસનાઓ, ગ્રંથિઓ અને દુષ્કર્મોનો નિગ્રહ પ્રધાન પદે હોવાથી જિન=ઈંદ્રિયજીત; વીતરાગ એટલે કોઈ પણ ઐહિક વસ્તુમાં જેને વાસના નથી તે અને નિગ્રંથ એટલે કોઈ પણ પ્રકારની જગતના સુખની દૃઢ ઝંખના નથી તે—એવાં નામો આપ્યાં છે.

દરેક વ્યક્તિની આમ આંતરિક શુદ્ધિ થાય તો સમાજની પણ શુદ્ધિ થાય. સત્તા અને સુખની ઝંખના ટળે એ જ સાચું લોકકલ્યાણ છે.

ભગવાન મહાવીરના જીવનમાંથી આ શાશ્વત સંદેશ આપણને સાંપડે છે, હવે આપણે તેમના જીવન તરફ જરા દૃષ્ટિ કરીએ.

ભગવાન મહાવીરના જન્મપ્રસંગોનો તો આપ સૌને ઘણો ખ્યાલ છે. તેઓ પ્રથમ તો સંસારી હતા. યશોદા ધર્મપત્નીથી તેમને પ્રિયદર્શના પુત્રી પણ થયેલી. ૨૮ વરસ સુધી તેઓ ગૃહ–સંસારમાં રહ્યા, પરંતુ એમના દિલમાં કરુણા તો ભરી પડી હતી. જગત દુઃખી છે, ચોમેર અંધકાર છવાયો છે. લોક-કલ્યાણને માટે પોતાને કંઈ કરવું જોઈએ એવી ભાવના એમના દિલમાં રમી રહી હતી, પરંતુ માતા-પિતાનું મન ન દુઃખાય તે ખાતર ત્રીસ વર્ષ સુધી તેઓશ્રી ગૃહસ્થાશ્રમમાં રહ્યા. ૩૦ થી ૪૨, એમ બાર વરસ તેઓએ આત્મસાક્ષાત્કાર માટે સાધનામાં ગાળ્યાં. તે દરમિયાન અનેક ઉપસર્ગો સહન કર્યા. બાર બાર વરસની ઘોર તપશ્ચર્યાથી કર્મમળ બાળી આત્માને શુદ્ધ કર્યો, અને ૪૨ વરસે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું—પોતે પરિપૂર્ણ સ્વરૂપમાં આવ્યા. કૈવલ્ય પ્રાપ્ત કર્યા પછી ૪૨ થી ૭૨ એમ ૩૦ વરસ સુધી પોતાના જ્ઞાનનો—અનુભવનો નીચોડ હતો તે જગતને આપ્યો. સત્યનો સાક્ષાત્કાર કરી જગતને તે સત્યનો બોધ કર્યો. એમના જીવનની ટૂંકી રૂપરેખામાંથી આપણને જાણવા મળે છે કે જે જગતનો ઉદ્ધાર કરવા નીકળે છે તેને માત્ર વાતો કરીને કે કેવળ શબ્દોના સાથિયા પૂરીને નીક-ળવાનું રહેતું નથી. સૌ પહેલાં તે પોતે જ પોતાને સત્યની સરાણે ચઢાવે છે, અનુભવો અને અનેકવિધ પરિસહો પછી તેના પરિપાકરૂપે સત્ય તારવે છે, અને એ અનુભવનો નિચોડ જગત સમક્ષ મૂકે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે પહેલા સાચા સુખનો માર્ગ અનુભવથી તેઓ સમજ્યા અને ત્યાર પછી ૩૦ વરસ સુધી એ સત્ય સંદેશ જગત સમક્ષ રજૂ કર્યો. બીજું જીવનનું અંતિમ ધ્યેય ઐહિક સુખ નથી પણ આત્માની પ્રાપ્તિ છે તે સમજાવ્યું અને ત્રીજું આત્માના અનુભવી આત્માઓએ સમાજમાં આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર કરવો જોઇએ તે સમજાવ્યું.

ટૂંકામાં જ્યારે સમાજ ઐહિક સુખો માટે દોડ કરે છે અને આધ્યાત્મિક વિશુદ્ધિ સાધવાનું ભૂલે છે ત્યારે આખીએ પ્રજા દુઃખોમાં ઘસડાય છે.

ભગવાન મહાવીરે-જૈનધર્મે જે સંદેશ આપ્યો છે તે સમસ્ત માનવજાતનું કેમ કલ્યાણ થાય તે વ્યાપક દ્રષ્ટિથી આપ્યો છે. તે નાના વર્તુલમાં બંધાઈ રહે તે યોગ્ય ન ગણાય. ભગવાનનો તે સંદેશ જગતમાત્રનો સંદેશ છે અને ૨૫૫૦ વર્ષ પહેલાં જેટલો આચરણીય હતો તેટલો અત્યારે પણ છે.

* * *

## અહિંસાનું આવિષ્કરણ

ભગવાન મહાવીરનો મુખ્ય સંદેશ અહિંસાનો હતો. અહિંસાની ઊંડામાં ઊંડી દૃષ્ટિ તેઓએ સમજાવી. જગતના તમામ જીવો પરત્વે કરુણા અને મૈત્રીભાવ કેળવવાની તેમાં ઘોષણા હતી. અહિંસાનું સ્વરૂપ તેમણે ઘણી સૂક્ષ્મ દૃષ્ટિથી ચર્ચ્યું છે.

એ સમયે રાજાઓ યુદ્ધની ઘેલછાએ ચઢ્યા હતા. પરિણામે પ્રજા હેરાન થતી, હજારો નિર્દોષ માનવીનો સંહાર થતો. યુદ્ધની ખૂનરેજી ભગવાનને ખટકતી હતી, "જીવો અને જીવવા દો" એ એમનો જીવનમંત્ર હતો અને "અહિંસા"ના સૂત્રમાં જગત માત્રના પ્રાણીઓના કલ્યાણની ભાવના હતી. જે મહાન પુરુષે અહિંસાના આ મંગળ સૂત્રનો ઉચ્ચાર કર્યો. તે મંત્ર સમસ્ત વિશ્વે આજે વિચારવા જેવો છે. આજે પશ્ચિમમાં સત્તાની-યુદ્ધની જે લાલસા જાગી છે તે ખોટી છે, તેમાં સમસ્ત વિશ્વના વિનાશનો ભય રહ્યો છે. માત્ર થોડા જ બોમ્બથી ઇંગ્લાન્ડ નામશેષ થઇ જાય એવી શકયતા છે. મોટી મોટી મહેલાતો ધરાવતા અમેરીકા પર બોમ્બ વર્ષા થાય તો નિર્દોષ જનતાનો કેવો સંહાર થાય તે કંપારી ઊભી કરે. રશીયા કે બીજા પ્રદેશોના પણ એવા જ હાલહવાલ સમજવા. ભાવી યુદ્ધમાં આખી માનવજાત સાફ થઇ જાય એવી ભીતિ છે. એટલે અહિંસાનો મંત્ર અત્યારે તો જગતને બચાવવાનો સંદેશ ગણાય.

યુરોપના પ્રવાસીઓ કહે છે કે યુદ્ધના ઉચ્ચાર માત્રથી અત્યારે ત્યાંની પ્રજા કંપી ઊઠે છે.

માનવી એટલે દિવ્યતા અને પશુતાનું; સુવર્ણ-રજ અને માટીનું મિશ્ર પૂતળું: પશુતા ખંખેરી નાખવી અને દિવ્યતત્વ ખીલવવું તે જીવનનું મુખ્ય ધ્યેય. વર્તમાનયુગમાં યુદ્ધાની, હિંસાની ઝંખના તે પશુતાનું લક્ષણ છે. અહિંસા એ દિવ્ય તત્ત્વની જીવનમાં ખીલાવટ છે.

આજના કલુષિત-યુદ્ધવાંછુ જગતમાં શાન્તિની સ્થાપના કરવા માટે, ભગવાન મહાવીરના સંદેશનો પ્રચાર દેશભરમાં કરવાની ખાસ જરૂર છે.

* * *

જૈન ધર્મે ક્રિયાવાદને પણ ખૂબ મહત્વ આપ્યું છે. ક્રિયાવાદ એટલે પુરુષાર્થ. પુરુષાર્થ બે પ્રકારના છે: એક વ્યાવહારિક, બીજો પારમાર્થિક.

તમો વેપારમાં દ્રવ્યપ્રાપ્તિ કરો; લૌકિક ગૌરવ મેળવો તે વ્યાવહારિક પુરુષાર્થ અને તમારી વૃત્તિઓ ઉપર સંયમ મેળવી, આંતરિક આત્મશુદ્ધિ પ્રાપ્ત કરો કે લોકહિતના માર્ગે આગળ ધપો તે પારમાર્થિક પુરુષાર્થ. ક્રિયાવાદનો વાસ્તવિક અર્થ ઇંદ્રિય, ચિત્ત અને અહંકારનો નિગ્રહ કરી કૈવલ્યપદ મેળવવું તે છે. જૈન માને છે કે તપશ્ચર્યાથી અનેક જન્મનાં કર્મો ખપાવી શકાય છે અને આંતરિક વિશુદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.

આવી જ ત્રીજી વસ્તુ જૈનધર્મે આપી છે. "આત્મવાદ"ની. આ જડવાદના જમાનામાં "આત્મા" એવું કોઇ તત્ત્વ છે તેમ પણ કોઇ સ્વીકારતું નથી. શાશ્વત વસ્તુને ભૂલી આપણે આ દેહનાં ક્ષણિક સુખો માટે મથ્યા કરીએ છીએ. તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મતત્ત્વની સાધના આપણે ભૂલ્યા છીએ. સાધના આજે આપણે ભૂલતા જઇએ છીએ. આ તત્ત્વ જ સાચું સુખ અને શાંતિ આપી શકે.

સૌપ્રથમ આપણે આપણું ધ્યેય નક્કી કરવું જોઇએ, કે આપણે કયાં જઇ રહ્યા છીએ. આજે આપણા જીવનના અંતિમ ધ્યેયનો કોઈ નિશ્ચય નથી, એટલે અંધારામાં આપણે અટવાઇએ છીએ. આત્માની ઓળખ કરવી, તેનો વિકાસ સાધવો અને આત્મસિદ્ધિના માર્ગે કૈવલ્ય પ્રાપ્ત કરવું એ આપણા જીવનનું પરમધ્યેય છે, એ ભારતીય સંસ્કૃતિનું વિશિષ્ટ લક્ષણ છે.

યુરોપમાં જડતત્વ જામ્યું છે, તેઓ દેહના સુખ માટે જ બધી પ્રવૃત્તિઓ કરે છે પરંતુ છેવટ તેનો શું અંજામ આવશે તેની ઊંડી સમજ તેમને નથી. આત્મતત્વની દૃષ્ટિવિહોણા જગતને વાદનો આ ઝેરી પવન ભીષણ ધ્યેય વિનાની કોઇ દિશા તરફ ખેંચી રહ્યો છે.

## આત્મશુદ્ધિનાં કારણો

જૈનધર્મે આત્મશુદ્ધિ જીવનના ચોક્કસ ધ્યેય તરીકે સ્વીકારી તેનાં પગથિયાં દર્શાવ્યાં છે. કર્મના રજકણો આત્માની અનંત-શક્તિને ઢાંકી દે છે. કામ, ક્રોધ, લોભ, મદ, ઇર્ષ્યા આદિના પોપડા આત્મા ઉપર જામે છે. પરિણામે આપણે કોઇનું સુખ જોઇશું તો ઈર્ષ્યા આવે, દુનિયાનો સઘળો વૈભવ એકઠો કરવાનો લોભ જાગે, વાત-વાતમાં કોઇના ઉપર ખોટી રીતે ક્રોધ ઉપજે, અને આવાં જ બીજા અનિષ્ટો જાગે તેનું નામ બંધ. બંધનું કારણ આસ્રવો એટલે દુષ્કર્મ અને પાપી સંકલ્પો છે. તેનાથી આત્મા ગુંગળાય છે, અંધકારમાં ઢંકાયેલા આત્માને નિર્મળ કરવો એનું નામ છે આત્મશુદ્ધિનો પ્રયત્ન : એક સંવર અને બીજો નિર્જરા. સંવર એટલે આપણામાં પ્રવેશતા ખરાબ તત્વોને રોકવાં તે અને નિર્જરા એટલે આપણામાં જે જે અશુભ તત્ત્વો હોય તેને દૂર કરવાં. અશુભ તત્ત્વો કે પૂર્વજન્મનાં કર્મોને બાળી નાખવા માટે જૈનધર્મે તપશ્ચર્યા ઉપર ભાર મૂકયો છે. તપશ્ચર્યાનો માર્ગ બતાવ્યો છે. શક્તિ અને રુચિને અનુકૂળ થાય તેવા તપશ્ચર્યાના અનેક માર્ગો છે. કામ, ક્રોધાદિ જે રજકણો આત્મા ઉપર છવાયાં છે તેને ખંખેરી નાખી આત્માને નિર્મળ કરવો એ તપશ્ચર્યાનું ધ્યેય છે.

ભગવાન મહાવીરે તો આત્મશુદ્ધિ માટે ઘોર તપશ્ચર્યા કરી હતી. એમના કાનમાં ખીલા ખોડવામાં આવ્યા તો પણ સમભાવે તે સહન કરી રહ્યા હતા, ભયંકર ફુંફાડા મારતા ચંડકૌશિક સર્પની પાસે પણ તેઓ ગયા હતા, તેમના ચરણમાં ખીર રાંધવામાં આવે તો પણ તે શાન્ત ચિત્તે સહી લેતા હતા. આમ તેઓશ્રીની તપશ્ચર્યા તો ઘણી ઉચ્ચ કોટીની હતી. આપણે આટલી ઘોર તપશ્ચર્યા કદાચ ન કરી શકીએ. પરંતુ જેટલું બળ આપણામાં છે, જેટલી શક્તિ આપણામાં છે તેના પ્રમાણમાં યોગ્ય તપશ્ચર્યા આપણે જરૂર કરી શકીએ તો ચિત્ત વધારે નિર્મળ બની શકે.

ભોજન લેતી વખતે અકરાંતીયા થઇને ન જમતાં થોડું ઓછું જમવું, ઊણોદરી વ્રત પાળવું તે પણ એક તપશ્ચર્યા છે. ખૂબ ભોજન લેનાર માણસના જીવનમાં પ્રમાદ ઘર કરી બેસે છે, અને પ્રમાદી માણસ તો ધીમે ધીમે ઘણા અનિષ્ટો કરી બેસે છે. નાનું સરખું ઊણોદરી વ્રત આ પ્રમાદને રોકે છે. રસનો પરિત્યાગ પણ તપશ્ચર્યા છે. વૃત્તિઓનો સંક્ષેપ તે પણ તપશ્ચર્યા છે. તમારા મનમાં ખોટા વિચારો આવતા હોય, તેને તમો રોકો, તેના ઉપર તમારો કાબૂ જમાવો તો તે પણ તપશ્ચર્યાનો એક પ્રકાર જ છે.

ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્રમાં જીવનની જરૂરીયાતો ઓછી કરવા માટે સુંદર બોધ આપ્યો છે. આપણે આપણા જીવનની જરૂરિયાતો ઘટાડીએ, વૃત્તિ-સંક્ષેપ કરીએ—અને તે રીતે જીવન હળવું કરીએ તો તે પણ એક તપશ્ચર્યા છે. આજે જીવનધોરણ ઊંચું લાવવાની જે વાતો ચાલે છે તે વાસ્તવિક નથી, જીવન-ધોરણ ઊંચું લાવવું એટલે વસ્તુઓ મોંઘી કરવી, ખર્ચ વધારવો, જરૂરતો વધારી મૂકવી. આ રીતે તો આપણું જીવન વધારે ભારરૂપ થશે. વૃત્તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓનો સંક્ષેપ કરી જીવનની જરૂરિયાતો ઘટાડવી તેમાં જીવનનો ખરો આનંદ છે. તેમાં જ શાંતિ છે, સુખ છે, લોકકલ્યાણુ છે.

આ આપણે બાહ્યવ્રતની વાત કરી. બીજી ભૂમિકા આંતરિક તપની છે. આંતરિક તપ એટલે પશ્ચાત્તાપ. આપણે કોઇના ઉપર ક્રોધ કર્યો, કોઇ વખત ખોટું બોલ્યા કે કોઇ ખોટું કામ કર્યું, તે બરાબર થયું નથી તેમ ચિત્તમાં દાહ થાય તેનું નામ પશ્ચાત્તાપ. આત્મશુદ્ધિનું આ એક પગથિયું છે. જૈન ધર્મમાં દોઢસો ઉપરાંત નાની મોટી તપશ્ચર્યા બતાવી છે. આ તપશ્ચર્યા કરતાં કરતાં આપણા જીવનમાં રાગ-દ્વેષનાં તત્વો છે તે કેટલા અંશે ઓછા થયા, આત્મા ઉપર તેની કેટલી અસર થઇ તેની નોંધ કરતા જવી અને એ રીતે તપશ્ચર્યાનું પરિણામ માપતા માપતા આત્મશુદ્ધિના માર્ગે પ્રગતિ કરવાનો આદેશ આ તપશ્ચર્યામાં રહ્યો છે અને માનવ જીવનમાં પાશવી તત્ત્વો દૂર કરવાનો માર્ગ તેમાં સમાયેલો છે.

આત્મશુદ્ધિને માટે જૈન ધર્મમાં સમ્યગ્‌જ્ઞાન, સમ્યગ્‌દર્શન અને સમ્યક્‌ ચારિત્ર આમ ત્રણ રત્નસમા તત્ત્વો પણ દર્શાવ્યાં છે.

સમ્યગ્‌ જ્ઞાન એટલે આત્માના અસ્તિત્વનું જ્ઞાન. માણસ જાતને સુધારવા માટે કાયદાઓ કામ કરતા નથી, કાયદાઓ હોવા છતાં ગુન્હાઓની પરંપરા તો એટલી જ રહે છે બલ્કે વધતી આવે છે. પરંતુ દેહ અને દૈહિક સુખો સત્ય નથી અને કર્મ પ્રમાણે સારા નરસા અનેક જન્મમાં દુઃખી થવું પડશે એવી માન્યતા જો દૃઢ થાય તો માનવી નીતિને પંથે પળે.

જીવનની સાચી દૃષ્ટિ આપવા અને આંતરિક શુદ્ધિ ખીલવવા માટે જૈન ધર્મે ઘણું ઊંડું જ્ઞાન આપણી સામે પીરસ્યું છે. જૈન ધર્મે પૂર્વજન્મ, પુનર્જન્મ ઉપર વારંવાર ભાર મૂકયો છે. કર્મની અટલ સત્તા દર્શાવી છે અને તે રીતે પ્રજા જીવનને સુધારવા યત્ન કર્યો છે.

દૃષ્ટ જગત કરતાં વિશ્વ બહુ મોટું છે અને એક વિરાટ સૃષ્ટિ આ પૃથ્વીની આસપાસ વિસ્તારી છે એવું વિશાળ વિશ્વદર્શન પણ જૈન ધર્મમાં અપાયું છે.

આત્માનું જ્ઞાન, પૂર્વજન્મ અને પુનર્જન્મનું જ્ઞાન કર્મના અટલ નિયમ અને વિરાટ વિશ્વનું જ્ઞાન તે સમ્યગ્‌ જ્ઞાન. તેના ઉપર અટલ શ્રદ્ધા એટલે સમ્યગ્‌ દર્શન. ચારિત્ર ઉપર જૈન ધર્મે ખૂબ ભાર મૂકયો છે. તમો મંદિરમાં જઇ મોટા સ્તવનો ગાઓ, ભક્ત હોવાનો દાવો કરો, પરંતુ જો તમારામાં ચારિત્રની ખીલવણી ન હોય, આંતરશુદ્ધિના માર્ગે તમે ન વળ્યા હો તો તમારી ઉપરતી દેખાવની ધાર્મિકતાનો કાંઇ અર્થ નથી. દંભ છે. ધર્મને નામે કોઇ યુદ્ધ ખેલતું હોય, ધર્મના નામે કોઇ બલિદાન લેવાતું હોય, ધર્મને નામે કોઇને દુઃખ થાય તેવું વર્તન ચલાવાતું હોય તો તે ધર્મ નથી, જૈન દૃષ્ટિએ ચારિત્ર્ય વગરનો ધર્મ તે ધર્મ જ નથી.

* * *

## જૈન ધર્મનું અજોડ તત્વ : : અનેકાંતવાદ

આવી રીતે જૈન ધર્મે આંતરિક શુદ્ધિ દ્વારા લોકકલ્યાણનો સુગમ પંથ દર્શાવ્યો છે. તે ઉપરાંત મહત્વનું અને અજોડ તત્વ "અનેકાન્ત"વાદનું છે. જૈન ધર્મનું આ વિશિષ્ટ તત્વ છે.

અનેકાન્તવાદ–સ્યાદ્વાદ એટલે કોઈ પણ વસ્તુનો એકાન્ત દૃષ્ટિએ નિર્ણય ન કરતાં, તે વસ્તુને વિધવિધ દૃષ્ટિએ જોઇ, વિચારી તેનો સમન્વય કરવો તે છે. એટલે વિધ–વિધ ધર્મોનો અભ્યાસ કરી તેમાંથી સત્ય તારવવું તેનું નામ અનેકાન્ત. અન્ય ધર્મનો દ્વેષ ન કરતાં દરેક ધર્મોને સહી લેવા. તેમની દૃષ્ટિ સમજવી અને તેમની દૃષ્ટિમાં પણ સત્ય હોઇ શકે એમ સ્વીકારવાની ઉદારબુદ્ધિ કેળવવી. અનેકાન્તવાદ વિવિધ ધર્મોના અભ્યાસ પ્રતિ જૈનોને દોરે છે. અન્ય ધર્મમાં પણ સત્ય હશે એવી વિશાળ બુદ્ધિ આપે છે. અને સહિષ્ણુતા શીખવાડી સાચી અહિંસાના માર્ગે જૈનોને લઈ જાય છે. માનવતાનાં ઊંડા બીજ આ વાદમાં રહેલાં છે.

આમ ભગવાન મહાવીરે આપણને (૧) અહિંસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) આત્મ તત્ત્વનું અસ્તિત્વ (૩) આંતરિક શુદ્ધિની સાધના (૪) કર્મના અટલ નિયમ પ્રમાણે વિવિધ યોનિમાં જન્મ. (૫) યોગ પ્રત્યક્ષ વિશ્વનું વિરાટ દર્શન (૬) ચારિત્ર્યમૂલક ધર્મ (૭) આત્મશુદ્ધિ માટે પુરુષાર્થની જરૂર (૮) તર્ક કે ચર્ચા કરતાં આચાર ઉપર વધારે ભાર (૯) સર્વ ધર્મ પ્રતિ સદ્ભાવ અને સહિષ્ણુતા–આ પ્રધાન મંત્રો આપણને આપ્યા છે. આ સિદ્ધાન્તો સર્વદેશીય છે, તે સમસ્ત જગત માટે ગ્રાહ્ય છે. વર્તમાન જગતને આ સંદેશની ખાસ જરૂર છે.

## જૈન સમાજની વિશિષ્ટતા

હું કેટલાક સમયથી અમદાવાદમાં રહું છું. મેં ત્યાંની જૈન પ્રવૃત્તિ અવલોકી તો લોકકલ્યાણની અનેક પ્રવૃત્તિઓમાં મને જૈનો મોખરે દેખાયા. ત્યાંનાં ઘણાં વિદ્યાલયો જૈનાશ્રિત છે. ત્યાંની રાહત સંસ્થાઓ જૈનાશ્રિત છે. ત્યાંના લોકકલ્યાણના કાર્યોમાં જૈનો લાખોનું દાન પણ કરી જાણે છે અને કોઇ જૈનો પાસે સમૃદ્ધિ છે; શાણપણ છે; અને વ્યવસ્થા શક્તિ છે.

જૈન મંદિરો સ્વચ્છ, વ્યવસ્થિત અને શુદ્ધ વાતાવરણથી ભર્યાં હોય છે, પાલીતાણા, ગિરનાર, આબૂ, અચળગઢ કે કોઇ પણ સ્થળે મંદિરોનું વાતાવરણ વિશુદ્ધિપ્રેરક જણાય છે.

આ માનવીને અંદરથી કેમ સુધારવો તે જગતનો અત્યારે મહાપ્રશ્ન થઇ પડ્યો છે. માનવતાના તત્વોના વિકાસ માટે સૌ મથી રહ્યા છે પરંતુ ધર્મદ્વારા માનવ સુધરી શકે તે વિચાર હજૂ બરાબર જાગ્યો નથી. છતાં વર્તમાન માનસશાસ્ત્રનો અભ્યાસ Psychology of religion દ્વારા આ દિશાનો નિર્દેશ કરે છે. વર્તમાન વિજ્ઞાન પણ આધ્યાત્મિકતા તરફ વળતું જાય છે. કેળવણી પણ ચારિત્ર્ય સુધારણાનો માર્ગ શોધે છે અને રહસ્ય વાદ યુગયુગની સાધનામાંથી વર્તમાન માનવને સુધારવાની ચાવી બતાવી રહ્યું છે.

વિજ્ઞાને માનવીને ઐહિક સુખો આપવા ભારે પ્રયત્નો કર્યા છે. પણ વિજ્ઞાનનો એકલો વિકાસ ભયજનક બનશે તેમ હવે સમજાવા લાગ્યું છે. ડો. રાધાકૃષ્ણને એક વ્યાખ્યાનમાં કહેલું કે "વિજ્ઞાને માનવ જાતને ઘણાં સુખદાયી તત્વો સમર્પ્યાં પણ હવે તો વૈજ્ઞાનિક વિનાશમાંથી બચવા જગતને આંતરિક શુદ્ધિનો માર્ગ દર્શાવનારા સંતોની જરૂર છે."

ભગવાન મહાવીર આવી સમર્થ વિભૂતિ હતા. તેમનો સંદેશ શાશ્વત છે. વર્તમાન યુગને–માત્ર જૈન ધર્મને જ નહિ પણ સમસ્ત જનસમૂહને ગ્રાહ્ય છે. તેને આપણે સમજીએ, જીવનમાં ઉતારીએ; તેનો પ્રચાર કરીએ–અને તેમની જયંતી પ્રસંગે આપણે તેમને પ્રણામાંજલિ અર્પીએ.

આજે જુદી જુદી જાતના–(રાષ્ટ્રિય કે સામાજિક) પ્રચાર માટે આપણે લાખો રૂપૈયા ખરચીએ છીએ, તે ઠીક છે પરંતુ અત્યારે તો દ્રવ્ય વાપરવાની જરૂર છે ધર્મના શુદ્ધ તત્વોના પ્રચાર માટે. લોકકલ્યાણની એ સાચી પ્રવૃત્તિ છે, ભારતીય સંસ્કૃતિના પ્રચાર માટે આજે સમય પાક્યો છે ત્યારે પ્રચારની આ સાચી દિશાને આપણે ઓળખવી જોઇએ, અને તે માટે બનતું કરવું જોઇએ.

ભગવાન મહાવીરનો સંદેશ જગતગ્રાહ્ય છે. નવા યુગને અનુકૂળ થાય તે રીતે જૈન–ધર્મનું સાહિત્ય તૈયાર કરી, પ્રચારનો વ્યાપક વિચાર કરી તે માટે બનતું કરવું એ ભગવાન મહાવીરના ભક્તોની–જૈનોની પરમ ફરજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર અને તેમનો સંદેશ[1]

પ્રાચીન ભારતીય ઇતિહાસમાં જે રીતે પાટલિપુત્ર, રાજગૃહ, નાલંદા કે અવંતીનું ગૌરવ જગત્-પ્રસિદ્ધ છે તે જ પ્રમાણે અહિંસક ક્રાંતિકારી ભગવાન મહાવીરની જન્મભૂમિ વૈશાલિનું પણ મહત્વપૂર્ણ સ્થાન છે. ત્યાંનું ગણતંત્ર વિશ્વના સમસ્ત ગણતંત્રોમાં જૂનું, ઉન્નત અને વિસ્તૃત હતું. એની પાસે જ ક્ષત્રિયકુંડગ્રામ આવેલું હતું. ત્યાં લિચ્છવી ગણના મુખી રાજા સિદ્ધાર્થને ત્યાં વજ્જિયોના ગણતંત્રના મુખી રાજા ચેટકની પુત્રી ત્રિશલાને પેટે મહાવીરનો જન્મ વિક્રમ સંવત પૂર્વે ૪૮૨ માં વર્ષના ચૈત્ર શુક્લ તેરસની મધરાતે થયો હતો. માતાના ગર્ભમાં એમના આગમન સાથે જ કુળની સુખસમૃદ્ધિ અને માનમર્યાદા ખૂબ વધવા માંડ્યા હતા એટલે તેમનું નામ વર્ધમાન પાડવામાં આવ્યું હતું.

મહાવીર રાજકુમાર હતા બધી. જાતનાં સાંસારિક સુખ ઐશ્વર્ય એમને સાંપડ્યાં હતાં. અનુપમ, સુંદર અને ગુણવતી પત્ની તેમને મળી હતી. આમ છતાં તેમનું ચિત્ત સાંસારિક સુખદુઃખ, ભોગવિલાસ અને મોહમાયામાં ફસાયું નહીં. તે સમયમાં ધર્મમાં બાહ્યાડંબર ખૂબ વધી પડ્યો હતો, યજ્ઞયાગનું જોર હતું અને ધર્મને નામે યજ્ઞોમાં પુષ્કળ હિંસા થતી. સમાજમાં પણ ઊંચનીચના ભેદો ખૂબ વધી પડ્યા હતા. સ્ત્રીનું સ્થાન નીચે જઇ રહ્યું હતું. આ ધર્મનું તથા સમાજનું પતન તેમને બહુ બેચેન કરતું હતું. હૃદયમાં ક્રાંતિની પ્રચંડ આગ ભભૂકતી હતી, ઘોર મંથન ચાલતું હતું. તે દરમ્યાન તેમને લાગ્યું કે જનતામાં ફેલાયેલાં અનિષ્ટો દૂર કરીને એનું કલ્યાણ કરવાની ઇચ્છાવાળાએ પહેલાં તો પોતાની આત્મ-સાધના દ્વારા ભૌતિક-ભોગેચ્છાનો ત્યાગ કરવો જોઇએ અને પોતાની ઇંદ્રિયોને વશ કરીને આત્મજ્યોતિ કે આત્મજ્ઞાન મેળવી લેવું જોઇએ. એટલે એમણે સદાચાર, ઇન્દ્રિય-નિગ્રહ અને અહિંસાને પોતાના મુખ્ય સિદ્ધાંત બનાવ્યા અને માનવસમાજથી દૂર જંગલ અને પર્વતની ગુફાઓમાં એકાકી રહીને આત્માની અનંત સુષુપ્ત આધ્યાત્મિક શક્તિઓને જગાડવા માટે ઘોર તપસ્યામાં લાગી ગયા પછી બાર વર્ષની સખ્ત આત્મસાધના દ્વારા જેવું એમને કેવળ-જ્ઞાન અને કેવળદર્શનની અખંડ જ્યોતિનું જ્ઞાન મળ્યું અને જેવું એમણે 'તીર્થંકર' કે 'સિદ્ધપુરુષ' બનીને ભગવાનપદનું અધિકાર-પદ મેળવ્યું કે તરતજ એમણે એકાન્તજીવનનો ત્યાગ કરીને માનવસમાજમાં આવવું પસંદ કર્યું. માનવસમાજમાં આવીને તેમણે પતિત-પાવન અને સમદર્શી બનીને માનવસમાજની પતનોન્મુખ માનવતાને વિકસિત કરવા માટે પ્રબળ આંદોલન શરૂ કર્યું. તત્કાલીન ધર્મગુરુઓ અને સામાજિક ભ્રાન્ત રુઢીઓ ઉપર એવું સફળ આક્રમણ કર્યું કે અંધશ્રદ્ધા તથા હિંસાવૃત્તિના સુદૃઢ કિલ્લાઓ ટપોટપ પડવા માંડ્યા. આખા ભારતવર્ષમાં ચારે બાજુ ક્રાન્તિનો જ્વાળામુખી જ જાણે ફાટી નીકળ્યો. ધર્મને બ્હાને પોતાના તુચ્છ સ્વાર્થ સાધનારા એના પ્રપંચો પર પાણી ફરી વળ્યું અને એમના સુવર્ણ-સિંહાસનો ડોલી ઉઠ્યા. ભગવાન મહાવીરનો વિરોધ પણ જબરો થયો. પ્રાચીનતાના પૂજારીઓએ પોતાની મનમાની ચાલુ પરંપરાઓનું રક્ષણ કરવા તનતોડ પ્રયત્નો કર્યા અને મહાવીર પર મનમાન્યા આક્ષેપો પણ કર્યા. પરંતુ મહાપુરુષ આપત્તિઓથી કદી ગભરાયાં છે? તેઓ તો પોતાના નિશ્ચિત લક્ષ્ય પર રોજ રોજ આગળ વધતા જ રહે છે અને અંતે સફળતા પ્રાપ્ત કરીને જ જંપે છે. મોટા મોટા ધુરન્ધર વિદ્વાનો પણ ભગવાન મહાવીરના અનંત જ્ઞાનપ્રકાશ અને અખંડ તેજતપના અદ્ભુત પ્રભાવથી તેમના ચરણોમાં પડી ગયા અને એમના અનુયાયી થયા.

સન્મતિ મહાવીર માતૃ-જાતિ તરફ ઘણાં ઉદાર વિચાર રાખતાં હતાં. તેઓ કહેતાં કે, 'પુરુષની જેમ સ્ત્રીને પણ પ્રત્યેક ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં

---

૧ શ્રમણના વર્ષ ૫, અંક ૪ માં શ્રી મહાવીર-પ્રસાદ પ્રેમીના પ્રગટ થયેલા वैशाली और भगवान् महावीरका दिव्य-संदेश નો સારભાગ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાન અધિકાર છે.' એ જ પ્રમાણે તેઓ માનતા કે 'જન્મથી સૌ માણસ સરખાં જ ગણાય. નાતજાતની દૃષ્ટિએ વિભાગ પાડવા એ કોઈ રીતે યોગ્ય નથી.' ઉત્તમ ચારિત્ર અને ઉત્તમ ગુણોથી વિભૂષિત સંસ્કારી મનુષ્ય જ સાચા અર્થમાં મનુષ્ય કહેવાવા માટે યોગ્ય છે.

ખરું જોતાં સંસારમાં એક એવી શક્તિ છે જે પોતાનો પ્રભાવ પાડ્યા સિવાય નથી રહેતી અને તે ચારિત્રક કે નૈતિક શક્તિ જ છે. મનુષ્ય અભણ હોય, બહુ હુશિયાર ન હોય, ગરીબ હોય, સમાજમાં એનું કાંઇ સ્થાન ન હોય તો પણ જો એનું ચરિત્ર ખરે ખર મહાન હશે તો એનો પ્રભાવ જરૂર પડશે અને એ સન્માનિત થશે. આ ગુણોથી રહિત મનુષ્યે નિરાશ તથા નિષ્ક્રિય ન રહેતાં માનવીય ગુણો મેળવવા માટે પ્રયત્નશીલ રહેવું જોઇએ અને આશા તો કદી ગુમાવવી ન જોઇએ.

ભગવાન મહાવીરના મત પ્રમાણે સદાચાર અને દુરાચારના આધારે જ ઊંચનીચની કસોટી થઈ શકે, તેઓ જ્ઞાન અને ચારિત્રનો પક્ષપાત કરતાં. મહાવીરે સૌથી વધુ જોર માનવ અને એના જીવનની પવિત્રતા પર આપ્યું છે. એમનું કહેવું છે કે, 'કોઇ પણ વ્યક્તિ સ્વભાવથી તો ખરાબ નથી હોતી. જો કદાચ ભૂલથી એ ખરાબ માર્ગ પર ચાલી જાય તો એ માર્ગ છોડીને એકાદ દિવસ તે સુધરી પણ શકે છે.' સત્યના પૂજારી ભગવાન મહાવીર જાણતા હતા કે આદમી ભૂલથી જ ખરાબ રસ્તે દોરવાઇ જાય છે, જાણીબૂઝીને અનુચિત માર્ગ પર જનાર તો લાખોમાં એકાદ માંડ મળે. માનવતા માટે આ સંદેશ અમૃત–કિરણ જેવો હતો. એણે કુમતિના કાદવમાં ખુંચેલ માણસોને બહાર કાઢવાની પ્રેરણા આપી. વિવેકી મનુષ્ય જાણ્યે અજાણ્યે અધર્મ કરી બેસે તો એનો આત્મા એ માટે પસ્તાય અને એ ફરીવાર એવું ન કરવા નિર્ણય કરે. વળી એમણે કહેલું કે, 'માણસની અંદરની ખરી શક્તિ તો અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ વ્રતોના પાલનથી જ ઉત્પન્ન થાય છે. જે ગૃહસ્થ છે, જેમના પર પરિવારનો બોજો છે તે લોકો સૂક્ષ્મ રીતે આ વ્રતોનું પાલન ન કરી શકે તો એમણે સ્થૂળ રીતે આ વ્રતોનું પાલન કરવું, એટલે કે જાણીબૂઝીને હિંસા ન કરે, પરિગ્રહ ન કરે અને અસંયમી ન બને પણ આ વ્રતોનું પૂર્ણતઃ પાલન કરવા પ્રયત્ન કરે.'

એમનું આ કહેવાનું પણ સાચું છે કે, 'બુરાઇનું ખરું કારણ એ છે કે માણસ પોતાની તરફ ન જોતાં બીજાં તરફ જુએ છે. પોતાની દૃષ્ટિને અંતર્મુખી કરીને પહેલાં પોતાનો દોષ જોવો જોઇએ અને એને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ, પોતાની જાતને જીતવા સરખો વિજય બીજો એકે નથી.' એમણે એમ પણ કહ્યું કે, 'જગતનો માલિક તો એ છે જે પોતાની માનવતાનો માલિક હોય, જે પોતાના જીવનનો 'વિશ્વકર્મા' બની શકે–સ્વધર્મ (સદાચાર)-ના પથ પર રહીને પોતે જ પોતાનો શાસનકર્તા, પોતે જ પોતાનો નિર્માતા બની શકે.' ખરૂં જોતાં સદાચાર જ જીવન છે, સદાચાર જ ધર્મ છે, સદાચાર જ જ્ઞાન છે, સદાચાર જ તપ છે.

મહામાનવ મહાવીરે આપણને ઉપદેશ દીધો છે કે, 'નૈતિકતાના સિદ્ધાંત પ્રમાણે વિચાર અને કાર્ય સાથે જ ચાલવા જોઈએ. માનવ માટે સાચો માર્ગ સત્ય અને અહિંસાનો છે.' એ માટે એમણે સૌથી પહેલાં 'અહિંસા પરમો ધર્મઃ'નું સૂત્ર આપ્યું છે. રાષ્ટ્રપિતા ગાંધીજીએ પણ કહ્યું છે કે, 'સત્યના દર્શન કર્યા વિના અહિંસાનું દર્શન થઇ જ ન શકે.' ખરેખર અહિંસા એ ઉત્તમ જીવન–કલા છે, એવું સ્પષ્ટ દર્શન ભગવાન મહાવીરે કરાવ્યું છે. તેઓ ભવિષ્યની માનવતાના મહાન નિર્માતા હતા. ભાવી જનતા સુખ માટે બીજ વાવનાર મનુષ્ય આસ્તિક છે પણ હજારો વર્ષો પછી આવનાર પેઢીના સુખ-શાન્તિ માટે ભવિષ્યનું દર્શન કરીને અહિંસા જેવું સૂક્ષ્મ બીજ વાવનાર ભગવાન મહાવીર પરમ આસ્તિક હતા. નાનામાં નાના જીવોનો પણ વધ કરવાનો કોઇને અધિકાર નથી એવો ઉપદેશ દેવો, એનું પાકું પાલન કરવું અને ભાવી જનતાનું માર્ગદર્શન કરવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ યુગદ્રષ્ટા મહાવીરનો માનવ હૃદય પર બન્ધુ ધર્મ, મિત્ર ધર્મ અને જીવનબલિદાન ધર્મ પર કેટલો અટલ વિશ્વાસ હતો તે બતાવે છે એટલે મહાવીરની દીર્ઘ દ્રષ્ટિ, આસ્તિકતા અને જીવનકળા પર પરમ શ્રદ્ધા ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે.

જે અહિંસામાં સ્યાદ્વાદરૂપી બૌદ્ધિક-અહિંસા, તપસ્યારૂપી આત્મિક અહિંસા અને જીવદયારૂપી નૈતિક અહિંસાનો સુંદર સમન્વય થયો હોય ત્યાં સર્વ ધર્મ સમભાવની વૃત્તિ ઉત્પન્ન થાય જ. અહિંસા-પ્રધાન ભારતીય સંસ્કૃતિ તો પવિત્ર સંગમ–સંસ્કૃતિ છે. કોઇ પણ ધર્મ કે સંપ્રદાય એ આદેશ કદી નથી દેતો કે ધર્મ કે ભગવાનના નામ પર અસહાય જીવો-ને મારી નાખી શકાય અને અનાચાર કે અત્યાચાર કરી શકાય. સાચા ધર્મના અસલી સ્વરૂપના આદર્શને ભૂલી જવાથી કે નહીં સમજવાથી તથા અજ્ઞાન, અવિદ્યા, દુરાગ્રહ, પ્રપંચ અને પૈશાચિકતા વિગેરેના આક્રમણમાં ફસાઇ જવાથી મનુષ્યની અધોગતિ થાય છે. સાચો ધર્મ તો એવું કલ્પ-વૃક્ષ, કલ્યાણનું અખંડ જ્યોતિનું એવું સાધન છે કે જેના વડે અજ્ઞાન, અવિદ્યા અને અવિશ્વાસનો ગાઢ અંધકાર તત્કાળ દૂર કરી શકાય છે. ધર્મ અને સંસ્કૃતિ માનવસમાજની પ્રગતિ દેખાડનાર મિટર અને નાવિક બન્ને છે. એના લીધે મનુષ્ય જીવન સાર્થક બને છે. મનની સીમાને અસીમ બનાવે તે ધર્મ. સૌને નયન આપે તે નીતિ. પ્રાણીમાત્રનું જેનાથી ભલું થાય તે જ સાચું કર્મ.

સન્મતિ મહાવીરે તો મનુષ્યના ભાગ્યને ઇશ્વર અને દેવોના હાથમાંથી ખુંચવીને મનુષ્યના પોતાના હાથમાં જ મૂકી દીધું અને કહ્યું કે, 'કોઈ કોઇને સુખદુઃખ દેનાર કે લેનાર નથી, સૌ વ્યક્તિ પોત-પોતાનાં કર્મફળ ભોગવે છે.' એટલે કોઇ દેવની પૂજા કરીને કે એને લોહીથી તૃપ્ત કરીને કોઇ સુખશાંતિ મેળવવા ચાહે તો એને મહાવીરે સ્પષ્ટ કહી દીધું છે કે 'હિંસાથી તો હિંસા જ જન્મે, લોકોમાં પરસ્પર દુશ્મનાવટ વધે અને સુખશાન્તિની કોઇ આશા જ ન રહે. જો સુખશાન્તિ ચાહતા હો તો સૌ જીવો સાથે મૈત્રી કરો, પ્રેમ કરો અને સૌ દુઃખી જીવોના ઉપર કરુણા રાખો. સદ્‌પ્રયાસ વગર કોઇ તમને સુખ નહીં દઇ શકે. ઉત્તમ કર્મનું ઉત્તમ ફળ તથા ખરાબ કર્મનું ખરાબ ફળ ભોગવવું પડે છે.' 'જેવાં થવા ઇચ્છો તેવા થાઓ'ની શક્તિ પણ સૌ માણસમાં રહેલી છે.

હિંસાથી ભરેલા સંસારમાં દ્વેષબુદ્ધિથી વિચારવું અને કામ કરવું તો સહેલું છે પણ એમાંથી અદ્રોહ અને અહિંસા જેવા રત્ન શોધી કાઢવા તે એવું મહાન્ કાર્ય છે જે જગત ક્યારેય ભૂલી નહીં શકે. વિશ્વવ્યાપી કોઇ વૈજ્ઞાનિક નિયમ કરતાં અહિંસાના નિયમની શોધ કંઇ ઓછી મહત્ત્વપૂર્ણ નથી. ખરી રીતે તો નીતિનાં નિયમ અને વિજ્ઞાનના નિયમ વિશ્વ-જ્ઞાનનાં જ બે અંગ છે, એક જ પ્રકૃતિના નિયામક છે. એટલે અહિંસા પણ વિશ્વ નિયમ જ છે. વૈજ્ઞાનિક નિયમોની નાની મોટી સુખસગવડો વધી છે પણ અહિંસા સિવાય એનું મૂલ્ય શું? માનવજાતિનું સુખ, મનની શાન્તિ, રાષ્ટ્રપ્રેમ, ભ્રાતૃભાવ વગેરે આજે ક્યાં દેખાય છે? સૌના જીવન આજે એના અભાવમાં નિરસ અને દુઃખી છે. અણુબોંબ કરતાં પણ અહિંસાની શક્તિ વધુ છે. મહાન્ રાષ્ટ્રોના કંઠમાંથી જે દિવસે અહિંસાનો મંત્ર નીકળશે તે દિવસે માનવનું મન સુખ પામશે. આ સ્થિતિનું નામ જ સભ્યતા. માનવસમાજને વિજ્ઞાનની વિનાશકારી શક્તિઓથી બચાવવાનો એક માત્ર ઉપાય છે અહિંસા અને સત્યનો માર્ગ. આજે જો કે સંસાર આ માર્ગથી ઘણો દૂર નીકળી ગયો છે પણ પાછો એને એ માર્ગ પર લાવવાનો પ્રયત્ન આપણે કરવો જ રહ્યો. આપણા પ્રયત્નમાં ખામી ન આવવી જોઇએ. ભારત પોતાના આદર્શને અનુકૂળ લોકતંત્ર શાસનમાં સફળ થશે તો સંસારને પોતાની તરફ વાળી શકશે એ સત્ય છે એનો આદર્શ તો વિશ્વભરમાં ફેલાશે. જ્યાં આપણું અનંત શાંતિ, પ્રેમ, આનંદ, મુક્તિ અને મંગળની પ્રાપ્તિ થશે.

ભારતના કલ્યાણ માટે તેમજ વિશ્વસંઘની સફળતા આપણે આપણાં વિશિષ્ટ ગુણ-સંપન્ન મહાત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એએ ચીંધેલા માર્ગો પર ચાલીએ એ જરૂરી છે. સંઘર્ષરત માનવતા માટે એ માર્ગ સાચે જ માર્ગ-દર્શક પ્રકાશ-સ્તંભનું કામ કરી રહેલ છે. એમનામાં એ જ તત્ત્વો વિદ્યમાન હતા જે આપણા સૌમાં છે પરંતુ સાથે એમનામાં એ તત્ત્વોનું પ્રમાણ વધુ હતું જેને અંગે તેઓનાં જીવન યુગ યુગ માટે સંદેશ જેવા રહ્યાં છે. સમાજમાં અહિંસા, સંપત્તિમાં અપરિગ્રહ અથવા મત મતાન્તરમાં સમન્વય અને આત્મિક સંબંધ સ્થાપિત કરવામાં આજનો મોટામાં મોટો વૈજ્ઞાનિક તથા સમાજસુધારક પોતાની સફળતા માને છે. પણ વસ્તુતઃ મહાત્મા ગાંધીના સર્વોદયવાદમાં કે સંત વિનોબાના ભૂદાનયજ્ઞ કે સંપત્તિદાન યજ્ઞમાં, ખલીલ જિબ્રાનના માનવવાદમાં અને પૂર્વ પશ્ચિમના શાન્તિવાદીઓમાં ભગવાન મહાવીરનું એ જ અહિંસાત્મક ઘાટનું જીવન-દર્શન પ્રકટ થયું છે.

આજ તો વિશ્વના વિનાશથી ડરેલી યુદ્ધ-પરસ્ત જનતા સત્ય-અહિંસાના ગીત સાંભળવા ઇચ્છે છે, અણુશક્તિનું ઉપાસક અમેરિકા અને રશિયા પણ શાન્તિ માટે વ્યગ્ર થઈ રહ્યા છે અને વર્લ્ડ એનિમલ સોસાયટી તથા અહિંસા, સત્ય, સમન્વય અને શાંતિના નામ પર બનેલી સભાઓ હિંસા છોડીને અહિંસા તરફ ઝૂકતી જાય છે. અને એ રીતે માનવ મનોવૃત્તિઓ ભગવાન મહાવીરના નિર્દિષ્ટ પથ પર ચાલીને એક માનવજાતિ, એક રાષ્ટ્ર, એક વિશ્વસંઘ, એક નવા યુગ અને સંપૂર્ણ જીવનના નિર્માણ અને ઉદયના દર્શન કાજે ઉત્સુક છે.

જે પ્રમાણે વિશિષ્ટ ગુણ-સંપન્ન મહાપુરુષોનો પ્રાદુર્ભાવ જન પરિત્રાણ અને માર્ગદર્શન માટે હોય છે તે પ્રમાણે એમનું નિર્વાણ પણ જનકલ્યાણ માટે જ છે. તેઓ અમુક યુગના જ નથી રહેતાં, એવા નરરત્નોને કાળ ખાઇ નથી શકતો, તેઓ સર્વકાલીન અને સર્વજનીન હોય છે. એવા અવતારી મહાત્માઓનું જીવન એ પ્રકાશસ્તંભનું કામ કરે છે જે ભૂલા ભટકયાને રસ્તો દેખાડે છે. મહામાનવનું જીવન એ અમર જ્યોતિ છે, જેનું તેજ કદી ઘટતું નથી. એવા તપઃપૂતોનાં ત્યાગમય જીવન સદા અભિનન્દનીય છે, વરેણ્ય છે.

ભારતવર્ષની આ મહિમામયી ભૂમિમાં હજારો વર્ષ પહેલાં ભગવાન મહાવીરે જે અહિંસા અને સદાચારનો સંદેશો આપ્યો હતો જેનો ધર્મ ઇજારદારોએ વિરોધ કર્યો હતો, જેનાથી અત્યાચારપીડિત માનવજાતિનું પરમ કલ્યાણ થયું હતું તે યાદ કરીએ તો આપણને જણાશે કે આ દેશની પવિત્ર ભૂમિની ધૂળની કણ કણ આ સંદેશના પડઘા પાડે છે અને વાયુની લહરીએ લહરીઓ ભારતના ઘર ઘરમાં અને નિખિલ વિશ્વના સુંદરવર્તી ભાગોમાં આ સંદેશનો સંચાર કરી રહી છે. આપણા જીવનની એક એક પળ આ મહત્ત્વપૂર્ણ સંદેશનો સમસ્ત માનવજાતિમાં પ્રચાર કરે અને આપણું સામાજિક, આર્થિક, રાજનૈતિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઉત્થાન થાય એમ ઇચ્છીને વિરમીએ.

---

બીજાઓ મારા આત્માને બંધનોમાં નાખી નાખીને અને માર મારી મારીને પલોટે, એ કરતાં તો હું જાતે પોતે સંયમ અને તપની પ્રવૃત્તિ વડે મારી ઇચ્છાપૂર્વક આત્માને-પોતાને-પલોટું એ જ વધારે ઉત્તમ છે.

—મહાવીર વાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવપદજીનાં પ્રાચીન ચૈત્યવંદનો

## છઠ્ઠું દર્શન પદ ચૈત્યવંદન—સાર્થ.

વિવેચનકાર પં. મ. શ્રી રામવિજય ગણિવર્ય

**હુય પુગ્ગલ પરિઅટ્ટ,**
**અદ્ધ પરિમિત સંસાર;**
**ગંઠિભેદ તબ કરી લહે,**
**સબ ગુણનો આધાર. ૧**
**ક્ષાયક વેદક શશિ અસંખ,**
**ઉપશમ પણ વાર;**
**વિના જેણુ ચારિત્ર નાણ,**
**નહિ હોવે શિવ દાતાર. ૨**
**શ્રી સુદેવ ગુરુધર્મની એ,**
**રુચિ લચ્છન અભિરામ;**
**દર્શનકું ગણિ હીરધર્મ,**
**અહનિશ કરત પ્રણામ. ૩**

**અર્થ:**—ગ્રંથિભેદ કરવાથી સર્વગુણના આધારભૂત અને અર્ધપુદ્ગલપરાવર્તન સંસાર બાકી રહે છતે પ્રાપ્ત થતું એવું દર્શન પદ છે; તેના વિવિધ પ્રકારોમાંથી ત્રણ ભેદો મુખ્ય છે; ક્ષાયિક એક વાર, ક્ષયોપશમ સમ્યક્ત્વ અસંખ્ય વાર, અને ઉપશમ સમ્યક્ત્વ આખા ભવચક્રમાં પાંચ વાર પ્રાપ્ત થાય; આ દર્શનગુણ ન હોય તો ચારિત્ર અને જ્ઞાન પણ મુક્તિ આપનાર થતાં નથી; દર્શન—સમ્યક્ત્વ શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની રુચિરૂપ લક્ષણવાળું છે તેમજ મનોહર છે. આવા દર્શનગુણને **હીરધર્મ** નામના મુનિવર હંમેશા પ્રણામ કરે છે.

**વિશેષાર્થ:**—અઢાર દોષરહિત તીર્થંકરદેવ કંચનકામિનીના ત્યાગી, પંચમહાવ્રતી, પવિત્ર ગુરુ અને કેવલીભાષિત શુદ્ધધર્મ એ ત્રણ તત્ત્વ ઉપર રુચિ પ્રાપ્ત થાય ત્યારે આ દર્શન—સમ્યક્ત્વગુણ પ્રકટે છે; એક અંતર્મુહૂર્ત જેટલા વખતમાં આ ગુણ પ્રકટે તો આ જીવ અર્ધપુદ્ગલપરાવર્તનથી વધારે સંસારમાં ન રહે—નિશ્ચય મોક્ષે જ જાય. આ જીવને અનંતાનંત, પુદ્ગલપરાવર્તન ભૂતકાળમાં થયા, સંસારનો પાર ન આવ્યો પરંતુ લબ્ધ થયેલા આ ગુણથી અર્ધપુદ્ગલપરાવર્તનથી વધારે સંસારમાં ભ્રમણ ન થાય. ક્યાં અનંતાનંત પુદ્ગલપરાવર્તન અને ક્યાં એક પુદ્ગલપરાવર્તનનો અર્ધભાગ ! ક્ષાયિક શુદ્ધદર્શન મળે તો તે જ ભવમાં અથવા ત્રણ ભવમાં, ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી વધારેમાં વધારે અસંખ્યકાળમાં મુક્તિ જાય. કાળનું સ્વરૂપ આઠ જાતના પુદ્ગલપરાવર્તનવાળા પંચમ શતક નામના કર્મગ્રંથમાં પ્રતિપાદન કરેલું છે. અસંખ્યવર્ષે એક પલ્યોપમ, દસ કોડાકોડી પલ્યોપમે એક સાગરોપમ, દસ કોડાકોડી સાગરોપમે એક ઉત્સર્પિણી—છ આરા પ્રમાણ કાળ થાય; એવી જ દસ કોડાકોડી સાગરોપમે એક અવસર્પિણી થાય; વીસ કોડાકોડી સાગરોપમે એક કાળચક્ર થાય, અનંતા કાળચક્રે એક પુદ્ગલપરાવર્તન થાય, તેનો અર્ધભાગ સમકિત પ્રાપ્ત કરનાર જીવને બાકી રહે.

શશી શબ્દથી એકની જ સંખ્યા સમસ્યાથી બતાવેલ છે, તેથી ક્ષાયિક નામનું ઉચ્ચ કોટિનું સમ્યક્ત્વ એક વાર જ થાય, આદિ અનંત સ્થિતિવાળું ત્રિકાલસ્થાયી હોય. અનંતાનુબંધી ચાર કષાય, સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય એ સાત પ્રકૃતિ ઉદયમાં કે સત્તામાં ન હોય; ક્ષીણ થયે છતે આ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. દૃષ્ટાંતમાં શ્રી શ્રેણિક મહારાજા. શ્રી કૃષ્ણ વાસુદેવ, પંચમ આરાના છેલ્લા આચાર્ય શ્રી દુપ્પસહસૂરિ વિગેરે ક્ષાયિક સમકિતી થયા—થશે. ક્ષયોપશમ નામનું સમ્યક્ત્વ અસંખ્યવાર આવે અને જાય. હીંચકાની ગતિ જેમ ગમનાગમન કરે છે તેમ; વળી ઉપશમ સમ્યક્ત્વ એક ભવમાં બે વાર અને આખા ભવચક્રમાં પાંચ વખત જ થાય; આ સમ્યક્ત્વનું સ્વરૂપ ચતુર્થ કર્મગ્રંથમાં, ત્રીજા કર્મ ગ્રંથમાં, તેમજ પ્રથમ કર્મગ્રંથમાં બતાવેલ છે; તેમજ તત્ત્વાર્થ વિગેરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## જન્મ-જયન્તિ મહોત્સવ

ચૈત્ર શુદિ ૨ શુક્રવારે આચાર્યશ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જન્મ જયન્તિ મહોત્સવને અંગે આ સભાના સભ્યો પાલીતાણા ગયા હતા, જ્યાં શેઠશ્રી સકરચંદ મોતીલાલ મૂળજી તરફથી પ્રતિવર્ષે કરવામાં આવે છે તેમ સિદ્ધાચળજી ઉપર પૂજા ભણાવી ત્યાં બિરાજમાન છે તે ગુરુદેવની મૂર્તિને અંગરચના કરવામાં આવેલ અને સભાના સભાસદોને પ્રીતિભોજન આપવામાં આવેલ.

*

## શુભેચ્છાનો મેળાવડો.

આ સભાના માનનીય મુખ્ય સેક્રેટરી શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી લાંબા સમયની બિમારી ભોગવી તંદુરસ્તી પ્રાપ્ત કરતા તેઓશ્રીનું દીર્ઘાયુષ ઇચ્છી શુભેચ્છા વ્યક્ત કરવા માટે તેઓશ્રીના શુભેચ્છકો તરફથી તા. ૨૦-૩-૫૫ ના રોજ સભાના જ્ઞાન-મંદિર હોલમાં ટી-પાર્ટી યોજવામાં આવેલ. જ્યારે શેઠશ્રી ભોગીલાલભાઇ, શ્રીયુત ખાન્તિલાલભાઇ વગેરે શુભેચ્છકોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. આરંભમાં સભાના ઉપપ્રમુખ પ્રો. ખીમચંદભાઇ શાહે શ્રીયુત વલ્લભદાસભાઇની સભા અંગેની સતત સેવાનો ખ્યાલ આપી શુભેચ્છા વ્યક્ત કરી. શ્રીયુત વલ્લભદાસભાઇએ પોતાના તરફના સદ્ભાવ અને પ્રેમ બદલ સૌનો આભાર માન્યો. ત્યારબાદ અલ્પાહારને ન્યાય આપી સૌ વિખરાયા હતા.

આ પ્રસંગે ભાવનગર સમાચારના તંત્રી શ્રીયુત જયન્તીલાલભાઇ મો. એ નીચેનો સંદેશો પાઠવી પોતાની શુભેચ્છા વ્યકત કરી હતી.

**સ્નેહીશ્રી વલ્લભદાસભાઇ,**

આપે ખૂબ ખૂબ તંદુરસ્તી સંપાદન કરી હશે અને આત્માનંદ સભા કિંબહુના જૈન શાસનની સેવા કરવા દીર્ઘાયુઃ ભોગવો એવી હાર્દિક પ્રાર્થના છે. શરીર તો વૃદ્ધ વયે વૃદ્ધ થાય છે, પણ સેવાની ભાવના કાંઇ વૃદ્ધ થતી નથી. અને વૃદ્ધ શરીર છતાં જે ભાવનાથી ધર્મની અને સમાજની સેવા કરો છો એ ખરેખર સ્તુતિપાત્ર છે. આપે આજ સુધીમાં લેખન, વાચન, નિદિધ્યાસનમાં એટલી સેવા કરી છે કે હાલની પ્રજા કરતાં ભવિષ્યની પ્રજા એનું ખરૂં મૂલ્યાંકન કરશે. **शतं जीव शरदः** એવી શુભેચ્છા સાથે.

લી. સેવક,
**જયંતિલાલ મો.**
ના નમસ્કાર.

*

## ભગવાન વીરનો જન્મોત્સવ

ભગવાન મહાવીરના જન્મોત્સવ પ્રસંગે આ વખતે અત્રેની શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તથા શ્રી વિજયધર્મ પ્રકાશક સભાના ઉપક્રમે, શ્રી જૈન આત્માનંદ સભાના શેઠ ભોગીલાલ લેકચર હોલમાં રાત્રીના આઠ વાગે ચૈ. શુ. ૧૩ ના એક જાહેર સભા યોજવામાં આવેલ. જ્યારે શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહની દરખાસ્ત અને વકીલ ભાયચંદભાઇના અનુમોદનથી સભાનું પ્રમુખસ્થાન ગોહિલવાડ જિલ્લાના

---

સૂત્રોમાં, અનેક ગ્રંથ ગ્રંથાંતરોમાં, સ્તવનોમાં અતિ સુપ્રસિદ્ધ છે. વળી આ સમ્યક્ત્વ ગુણ ન હોય તો જ્ઞાન અને ચારિત્ર ગુણ મોક્ષ આપી શકતા નથી. આ ગુણ મૂળરૂપ છે, પાયારૂપ છે. મૂળ વિના વૃક્ષ ટકી શકે નહિ, પાયા વિના મહેલ રહી શકે નહિ. આ દર્શન ગુણ કમઠને પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિના જડ ઉપસર્ગ પછી પ્રકટ્યો. તેમાં પ્રભુનો ઉપદેશ નહોતો, પ્રભુ ધ્યાનસ્થ હતા; તો પણ પ્રભુની કાઉસગ્ગ મુદ્રા દેખી મિથ્યાત્વ દૂર થયું; સમ્યક્ત્વ પ્રાપ્ત થયું. મયણાસુંદરીના ગુણની પ્રશંસા અને પોતાના દોષની નિંદા કરતાં તેમની બહેન સુરસુંદરીને પણ સમ્યક્ત્વ પ્રકટ થયું વિગેરે દૃષ્ટાંતો છે. આવા પ્રકારના દર્શન ગુણને કવિ નરરત્ન હીરધર્મ પ્રણામ કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મે. ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ તથા સેશન જજ શ્રીયુત વસંતભાઈ વલ્લભદાસ મહેતાએ સ્વીકાર્યું હતું. બાદ પ્રો. રવિશંકર મ. જોશી એમ. એ. એ ભગવાન મહાવીરના જીવનસંદેશ ઉપર મનનીય ભાષણ આપ્યું હતું, જે આ અંકમાં અન્યત્ર રજૂ કરવામાં આવેલ છે. છેવટ પ્રમુખશ્રીએ કાર્યોચિત વિવેચન કરવા બાદ શ્રી ગુલાબચંદભાઈએ સૌનો આભાર માની સભા વિસર્જન કરી હતી.

*

## કાળધર્મ પામ્યા.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન સાહિત્યરસિક કવિવર્ય વયોવૃદ્ધ મુનિવર્ય શ્રી વિનયવિજયજી મહારાજ પોતાની જન્મભૂમિ ધડકણખાતે ચૈત્ર સુદ ૧૫ ના કાળધર્મ પામ્યાના અમોને મળેલ તાર સમાચારની નોંધ લેતા સભા પોતાની દિલગીરી વ્યક્ત કરે છે.

સદ્‌ગતનો સાહિત્યપ્રેમ અને કવિત્વ શક્તિ જાણીતા હતા. શ્રી આત્માનંદ પ્રકાશમાં તેઓશ્રીના કાવ્યો અવારનવાર પ્રકાશિત થયેલ છે. તેઓશ્રીના કાળધર્મથી સભાને તેમજ સમાજને સમયપારખુ એક અનુભવવૃદ્ધ ચારિત્રશીલ મુનિવર્યની ખોટ પડી છે. અમો સદ્‌ગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ અને તેમના શિષ્યરત્ન નરેન્દ્રવિજયજી સદ્‌ગતના પંથે ચાલી તેઓશ્રીની ભાવના પરિપૂર્ણ કરે એમ ઇચ્છીએ છીએ.

*

## પ્રદર્શન.

જયંતિ અંગે અત્રે નવાપરા જૈન પ્રગતિ મંડળ તરફથી એક પ્રદર્શન યોજવામાં આવેલ, જેમાં ભગવાન મહાવીરના ૨૭ ભવનો સાર રજૂ કરતા ભાવવાહી લખાણો અને પ્રાસંગિક ચિત્રો તેમજ જૈન મહાન્ વિભૂતિઓના જીવનપરિચયો રજૂ કરવામાં આવેલ તેમજ રૂઉમાંથી બનાવેલ સરસ્વતી, તથા ભગવાન મહાવીર અને પાર્શ્વનાથના ઉપસર્ગોના હાલતા-ચાલતા દૃશ્યો રજૂ કરવામાં આવેલ. આ પ્રદર્શન ચૈત્ર શુ. ૧૩ ના રોજ શ્રી મુગટલાલ કામદારના પ્રમુખપણા નીચે મેળાવડો યોજી મહાલક્ષ્મી મિલવાળા શ્રીયુત રમણીકભાઈ ભોગીલાલ શેઠના હસ્તે ખુલ્લું મૂકવામાં આવેલ.

ભાવનગરના ના. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ચૈત્ર વ. ૧ શનિવારે પ્રદર્શન જોવા માટે ખાસ પધાર્યા હતા. અને સારુંય પ્રદર્શન અભ્યાસપૂર્વક જોઇ યુવકોના પ્રયાસ અને ધર્મભાવના માટે પોતાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. જૈન જૈનેતરોએ મોટી સંખ્યામાં આ પ્રદર્શન જોવાનો લાભ લીધો હતો.

*

## જૈન તત્ત્વજ્ઞાનના પ્રચારની અગત્ય.

દીલ્હીખાતે કોન્સ્ટીટ્યુશન ક્લબમાં આ વરસે ભગવાન મહાવીરની જયંતિ ઘણા વ્યાપક કાર્યક્રમથી યોજવામાં આવી હતી.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદજીએ જૈન તત્વજ્ઞાનના પ્રચાર અંગે મનનીય પ્રવચન આપતા જણાવ્યું હતું કે-બીહાર સરકાર તરફથી મને જણાવવામાં આવ્યું છે કે વૈશાલી કે જ્યાં આજથી ૨૫૫૪ વરસ પૂર્વે ભગવાન મહાવીરસ્વામી જન્મ્યા હતા ત્યાં જૈનતત્ત્વની સંસ્થા પ્રસ્થાપિત કરવા માટે રૂા. પાંચ લાખની સખાવતનું વચન મળ્યું છે.

જૈન ધર્મે ભારતની જનતાના જીવન પર અસર કરી છે પણ લોકો હજુ જૈન સાહિત્યથી અજાણ છે. તાજેતરમાં રાજસ્થાનના મારા પ્રવાસ દરમિયાન મેં જેસલમેરમાં હજારો હસ્તલિખિત જૈન પ્રતો એક ભોંયરામાં પડેલી જોઇ હતી. જૈન તત્વજ્ઞાનના પ્રચાર માટે આવી પ્રતોને પ્રકાશમાં લાવવી જોઇએ. જ્યાં ભગવાન મહાવીરે બાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી તે સ્થળોનું પણ સંશોધન કરવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.

| | | | | |
|---|---|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. | રૂા. | ૬–૮–૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, | ,, | ૩–૮–૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, | ,, | ૧૫–૦–૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, | ,, | ૭–૮–૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, | ,, | ૧૩–૦–૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, | ,, | ૬–૮–૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, | ,, | ૪–૦–૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, | ,, | ૨–૦–૦ |
| સં. ૨૦૦૭ | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, | ,, | ૧૦–૦–૦ |
| ,, ૨૦૦૮ | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, | ,, | ૬–૦–૦ |
| | શ્રી અનેકાન્તવાદ ( ગુજરાતી ) | ,, | ,, | ૧–૦–૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, | ,, | ૦–૮–૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, | ,, | ૭–૮–૦ |
| | જ્ઞાન–પ્રદીપ ભાગ ત્રીજો | ,, | ,, | ૨–૦–૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, | ,, | ૧–૦–૦ |
| | | | રૂા. | ૮૬–૦–૦ |

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦–૨૦૧૧ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

# તૃષ્ણા—નદી

સરિતા તો મેં ઘણી દીઠી છે, પણ આ તો કોઇક અલૌકિક જ છે. મને તૃષા તો જરા ય નહોતી, પણ આને જોતાં જ તૃષા જાગી. હોઠ સુકાવા લાગ્યા. અને જનમ જનમના તરસ્યાની જેમ સરિતા ભણી દોટ મૂકી. જે જીભ આજ સુધી કહેતી હતી કે મારે કાંઇ આસ્વાદ કરવો નથી તે જ જિહ્વા આજ મત્ત બનીને જલપાનની મહેફિલ માણી રહી છે.

રે રે ! મારી આંખને આ શું થયું ? કાંઇ પણ જોવાની ના પાડનારી આ આંખ આના નિર્મળ નીર જોઇ આજે કેમ વિહ્વલ બની ગઇ છે ? જનમ જનમના દર્શનની પ્યાસ જાણે ચિરનિદ્રામાંથી આળસ મરડીને જાગી ઊઠી ન હોય !

ઘ્રાણ તો કહે છે કે સુરભિ જેવું આ જગતમાં આજે કાંઇ જ રહ્યું નથી. એ જ ઘ્રાણને સરિતાના નીરની સુરભિ નંદનવનના કુસુમસુરભિથી પણ અદ્ભુત લાગે છે.

કાન કહેતા હતા કે ઘણું સાંભળ્યું. હવે સાંભળવાનું શું બાકી રહ્યું છે ? પણ અત્યારે એ જ કાન કેવા સમાધિસ્થ બની ગયા છે ! સરિતાના ઉછળતા એકેએક તરંગને, યોગી આત્મનાદ સાંભળે તેમ, સાંભળી રહ્યા છે.

આ વૃદ્ધ અને અનુભવી કાયાને તો મારે શું કહેવું ? પરલોકમાં પ્રયાણ કરવા તો શૈયા ઉપર શયન કર્યું છે, પણ આ સરિતાના સંગ પછી તો એ પણ કોઇ યૌવનવંતી યુવતીની છટાથી આ મહાસરિતામાં જલક્રીડા કરવા ઉતરી પડી છે. એના અંગ–અંગમાંથી જાણે આનંદની છોળો ઊછળી રહી છે. હું માનતો હતો કે મારું મન તો હવે વૃદ્ધ થયું છે, એને કોઇ સ્પૃહા નથી. પણ આજની વાત કહેતા તો હું લાજી મરું છું. એને આજ સવારથી ઢૂંઢું છું પણ એ ક્યાંય દેખાતું નથી. સરિતાના કયા ભાગમાં નિમગ્ન બન્યું હશે ? રે રે ! કોઇ તો બતાવો. ઇન્દ્રિયો અને મન–સૌ આ સરિતા જોતાં પાગલ બની ગયાં છે.

શૂન્ય બનેલા મેં પૂછ્યું. " રે, કોઈ તો બતાવો, આ સરિતાનું નામ શું છે ? "

ત્યાં તો ભગવાન મહાવીરનો નાદ સંભળાયો, " આ સરિતાનું નામ છે તૃષ્ણા. "

—મુનિશ્રી ચંદ્રપ્રભસાગર ( ચિત્રભાનુ )

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only